RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 70* Date: 05.01.2022 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## દેશમાં કોરોનાના છેલ્લા ૨૪ કલાકમાં ૩૭ હજારથી વધુ કેસ,૧૨૪નાં મોત

નવીદિલ્હી,તા.૪

દેશમાં કોરોનાનું સંક્રમણ સતત ઝડપથી વધી રહ્યું છે. આ પછી, સવાલ ઉઠી રહ્યો છે કે શું હવે કોવિડ -૧૯ ની ત્રીજી લહેર આવી ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૩૭ હજાર ૩૭૯ નવા કેસ નોંધાયા છે જ્યારે ૧૨૪ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ પછી દેશમાં કોવિડ-૧૯ના કુલ કેસ વધીને ૩ કરોડ ૪૯ લાખ ૬૦ હજાર ૨૬૧ થઈ ગયા છે જ્યારે આ મહામારીને કારણે ૪ લાખ ૮૨ હજાર ૧૪ લોકોએ જીવ ગુમાવ્યો છે.

દેશમાં ૧૭૬ નવા કેસ સાથે ઓમિક્રોન સંક્રમિતોની સંખ્યા વધીને ૧૮૮૯ થઈ ગઈ છે. મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૫૭૮ કેસ છે જ્યારે દિલ્હી ૩૫૧ કેસ સાથે બીજા ક્રમે છે. બીજી તરફ જો રાજસ્થાનની વાત કરીએ તો અહીં કુલ ૧૭૪ દર્દીઓ સામે આવ્યા છે. અન્ય રાજ્યોની વાત કરીએ તો તેલંગાણા (૬૭), કર્ણાટક (૬૪), હરિયાણા (૬૩), ઓડિશા (૩૭), પશ્ચિમ બંગાળ (૨૦), આંધ્રપ્રદેશ (૧૭), મધ્યપ્રદેશ (૯), ઉત્તર પ્રદેશ (૮), ઉત્તરાખંડ. (૮), ચંદીગઢ (૩), જમ્મુ અને કાશ્મીર (૩), આંદામાન અને નિકોબાર (૨), ગોવા (૫), હિમાચલ પ્રદેશ (૧), લદ્દાખ (૧), મણિપુર (૧) અને પંજાબ (૧) ગયા છે. .

ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાની વિષય નિષ્ણાત સમિતિ આજે ઈન્ટ્રાનાસલ કોરોના રસી માટે બૂસ્ટર શોટ્સના ઉપયોગ માટે ભારત બાયોટેકની અરજીની તપાસ કરવા માટે બેઠક કરશે. સૂત્રોએ આ માહિતી આપી છે કે ઈન્ટ્રાનાસલ રસી ચેપના ફેલાવાને રોકવાની મહત્તમ ક્ષમતા ધરાવે છે.

## આવશ્યક સેવાઓ સિવાય અન્ય દુકાનો પણ સપ્તાહના અંતે ખુલી શકશે નહીં.

# રાજધાનીમાં શનિવાર અને રવિવારે કર્ફ્યુ લાદવાનો નિર્ણય લેવામાં આવ્યો છે : નાયબ મુખ્યમંત્રી

,નવીદિલ્હી,તા.૪

રાજધાની દિલ્હીમાં શનિવાર અને રવિવારે કર્ફ્યુ રહેશે. કોરોના વાયરસના કેસોમાં ઝડપથી થઈ રહેલા વધારાને કારણે મંગળવારે દિલ્હી ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીની બેઠકમાં સપ્તાહાંતમાં કર્ફ્યુ લાદવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દિલ્હીના ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ બેઠક બાદ આ માહિતી આપી છે.

ડીડીએમએની બેઠકમાં લેવાયેલા નિર્ણયોની માહિતી આપતાં દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ કહ્યું કે જે રીતે રાજધાનીમાં કોરોનાનો ગ્રાફ વધ્યો છે તેને ધ્યાનમાં રાખીને સપ્તાહના અંતે એટલે કે શનિવાર અને રવિવારે કર્ફ્યુ લાદવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દિલ્હી સરકારે તેની આવશ્યક સેવાઓ સાથે સંબંધિત વિભાગોની ઓફિસોને જ ખુલ્લી રાખવાનો નિર્ણય લીધો છે. દિલ્હી સરકારની આવશ્યક સેવાઓ સિવાય, અન્ય કચેરીઓ હોમ મોડમાં કામ કરશે, દિલ્હી સરકારે ખાનગી ઓફિસોને ૫૦ ટકા ક્ષમતા સાથે ખોલવાની મંજૂરી આપી છે. એટલે કે, જો ઓફિસમાં ૧૦૦ લોકો કામ કરે છે, તો માત્ર ૫૦ જ ઓફિસમાં આવી શકશે, બાકીના લોકોએ ઘરેથી કામ કરવું પડશે. બસ સ્ટેન્ડ અને મેટ્રો ૫૦ ટકા ક્ષમતાથી ચાલતી હોવાને કારણે ઘણી ભીડ થતી હતી. દિલ્હી સરકારે હવે સંપૂર્ણ ક્ષમતાથી બસ અને મેટ્રો ચલાવવાનો નિર્ણય લીધો છે. જો કે, બસો અને મેટ્રોમાં માસ્ક વિના પ્રવેશ મળશે નહીં. દિલ્હીમાં વીકએન્ડ કર્ફ્યુ એટલે કે શનિવાર અને રવિવારે માત્ર ખાવાનું, મેડિકલ, પોલીસ, શાકભાજી, પ્રેસ અને અન્ય આવશ્યક સેવાઓ સાથે જોડાયેલા લોકોને આવવા-જવાની મંજૂરી આપવામાં આવશે. આ સિવાય અન્ય લોકોને અવરજવર કરવા દેવામાં આવશે નહીં. આવશ્યક સેવાઓ સિવાય અન્ય દુકાનો પણ સપ્તાહના અંતે ખુલી શકશે નહીં. દિલ્હીમાં નાઈટ કર્ફ્યુ પહેલેથી જ લાગુ છે, જેમાં રાત્રે ૧૦ વાગ્યાથી સવારના ૫ વાગ્યા સુધી અવરજવર પર પ્રતિબંધ છે.



બીજીબાજુ દિલ્હીના ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ (એમ્સ)માં કોરોના વાયરસનો વિસ્ફોટ થયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, કોવિડ-૧૯નો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ અહીંના ૫૦ ડોક્ટરોમાંથી કેટલાકના રિપોર્ટ પોઝિટીવ આવતા તમામને આઈસોલેટ કરવામાં આવ્યા છે.

કેટલાકમાં કોવિડ-૧૯ ના લક્ષણો પણ જોવા મળ્યા છે. આ સાથે એઈમ્સના તમામ ડોક્ટરોની રજા તાત્કાલિક અસરથી રદ્દ કરી દેવામાં આવી છે. નોંધપાત્ર છે કે દિલ્હી સહિત દેશના ઘણા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કોરોના વાયરસના કેસ સતત વધી રહ્યા છે. આ દરમિયાન દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, બીજેપી નેતા મનોજ તિવારી અને કેન્દ્રીય મંત્રી ડૉ. મહેન્દ્ર નાથ પાંડે પણ કોરોના વાયરસની ઝપેટમાં આવી ગયા છે. હોસ્પિટલે ૫ જાન્યુઆરીથી ૧૦ જાન્યુઆરી સુધી તમામ ડોકટરોને આપવામાં આવેલી શિયાળાની રજા રદ કરી દીધી છે. હોસ્પિટલ પ્રશાસને તેમને તાત્કાલિક અસરથી ફરજમાં જોડાવા કહ્યું છે.એમ્સ સિવાય દિલ્હીની પ્રખ્યાત સફદરજંગ હોસ્પિટલના ૨૩ થી વધુ ડોકટરોનો કોરોના વાયરસ રિપોર્ટ પણ ગયા અઠવાડિયે પોઝિટિવ આવ્યો હતો.સફદરજંગ હોસ્પિટલના એક ડૉક્ટરે જણાવ્યું કે કોઈ પણ ડૉક્ટરને ઓમિક્રોન કેસ નથી, લક્ષણો મોટે ભાગે હળવા હોય છે અને કોઈ પણ સંજોગોમાં હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર નથી. ડોક્ટરોએ પોતાને અલગ કરી દીધા છે.

## જમ્મુ-કાશ્મીરમાં પ્રજાસત્તાક દિને આંતકી હુમલાનું કાવતરું નિષ્ફળ બનાવાયું

જમ્મુ,તા.૪

જમ્મુ-કાશ્મીરમાં પ્રજાસત્તાક દિન પર્વે મોટા આંતકી હુમલાના પાકિસ્તાના કાવતરાને સેના અને સીમા સુરક્ષા દળોએ નિષ્ફળ બનાવ્યું હતુ. ઘુસણખોરીનો પ્રયાસ કરતા ણ આતંકીઓ પૈકી એક ઠાર થયો હતો, જયારે બે આંતકીઓ નાશી છૂટયા હતા.

આ અંગેની વિગત મુજબ ગાઢ ધુમ્મસની આડમાં આંતર રાષ્ટ્રીય સીમા પર જમ્મુ જિલ્લાના અરનિયા, સાંબા જિલ્લાના રામગઢ અને પુંછ જિલ્લાના બાલકોટમાં નિયંત્રણ રેખા પર ત્રણ આતંકીઓએ ઘુસણખોરીની કોશિશ કરી હતી.

સુરક્ષા દળોએ અરનિયામાં એક ઘસુણખોરને ઠાર ર્ક્યો હતો, જયારે રામગઢમાં આતંકી હથિયાર છોડીને પાછો નાશી છૂટયો હતો જયારે બાલાકોટમાં આતંકી પણ સેનાની સતર્કતાથી નાસી છૂટયા હતા. લગભગ ૧૨ કલાકમાં ઘસુણખોરીના જુદા જુદા ત્રણ સ્થળે પ્રયાસ બાદ સરહદ પર સુરક્ષા કડક બનાવાઈ છે.

માર્યા ગયેલા ઘુસણખોર પાસેથી પાકિસ્તાનના પાંચ રૂપિયા જપ્ત થયા હતા, જયારે સાંબાના રામગઢ વિસ્તારમાં ભાગી છૂટેલા ઘસુણખોર હથિયાર છોડી ગયા હતા. આ હથિયારમાં ત્રણ એક-૪૭ રાઈફલ, ચાર પિસ્તોલ, પાંચ એકે-૪૭ની મેગઝીન ૧૪ એકે-૪૭ના કારતૂસ ૯ એમએમના ૭ કારતૂસ, હેરોઈનના પાંચ પેકેટ જપ્ત થયા હતા.

## પીએમ મોદીએ મણિપુરમાં ૨૨ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો

# મણિપુર અને નોર્થ ઈસ્ટ ભારતના ભવિષ્યમાં નવા રંગ ભરી રહ્યા છે : નરેન્દ્ર મોદી

ઈમ્ફાલ,તા.૪

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે એક દિવસના પૂર્વોત્તર રાજ્ય મણિપુરના પ્રવાસે છે. પીએમ મોદીએ મણિપુરમાં ૪૮૦૦ કરોડ રૂપિયાથી વધુના ૨૨ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો. પ્રધાનમંત્રી મોદીએ ઈમ્ફાલમાં એક જનસભાને પણ સંબોધિત કરી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે આજે એરપોર્ટથી અહીં આવ્યો તો સમગ્ર રસ્તે લગભગ આઠ કિલોમીટરની હ્યુમન વોલ જોવા મળી. તમારા લોકોનો આ પ્રેમ હું ક્યારેય ભૂલી શકીશ નહીં. હવે થોડા દિવસ પછી ૨૧ જાન્યુઆરીના રોજ મણિપુરને રાજ્યનો દરજ્જો મળ્યે ૫૦ વર્ષ પૂરા થઈ જશે. દેશ હાલ પોતાની આઝાદીના ૭૫ વર્ષ પૂરા થવા પર અમૃત મહોત્સવ મનાવી રહ્યો છે. આ સમય પોતાનામાં જ એક ખુબ મોટી પ્રેરણા છે. પીએમ મોદીએ કહ્યું કે મે પહેલા પણ કહ્યું છે કે દેશનો પૂર્વ ભાગ ભારતના વિકાસનો પ્રમુખ સ્ત્રોત બનશે. આજે આપણે જોઈ રહ્યા છીએ કે કઈ રીતે મણિપુર અને નોર્થ ઈસ્ટ ભારતના ભવિષ્યમાં નવા રંગ ભરી રહ્યા છે. આટલા બધા પ્રોજેક્ટ્સનું લોકાર્પણ પણ થયું છે. આ બધુ મણિપુરની મણીઓ છે જે મણિપુરની શાન વધારશે.

તેમણે વધુમાં કહ્યું કે આજે મણિપુરના ૬૦ ટકા ઘરોમાં પાઈપથી પાણી પહોંચી રહ્યું છે. જલદી મણિપુર ૧૦૦ ટકાનો લક્ષ્યાંક પૂરો કરશે. આ ડબલ એન્જિનની તાકાત છે. આજે જે યોજનાઓનો શિલાન્યાસ અને લોકાર્પણ થયું છે તેમની સાથે જ આજે મણિપુરના લોકોનો ફરીથી આભાર માનુ છું.

પીએમ મોદીએ કહ્યું કે તમે મણિપુરમાં એવી સ્થિર સરકાર બનાવી જે પૂરેપૂરા દમખમથી ચાલી રહી છે. આ તમારા એક મતના કારણે થયું. આ તમારા એક મતની તાકાત છે જેના કારણે મણિપુરના ૬ લાખ ખેડૂતોને પીએમ સન્માન નિધિના પૈસા મળ્યા. આ બધુ તમારા એક મતની તાકાત છે જેના કારણે ૬ લાખ ગરીબ પરિવારોને મફત રાશન મળી રહ્યું છે. પીએમ મોદીએ કહ્યું કે હું જ્યારે પ્રધાનમંત્રી નહતો બન્યો તે પહેલા પણ અનેકવાર મણિપુર આવ્યો હતો. હું જાણતો હતો કે તમારા હૃદયમાં કઈ વાતનું દર્દ છે? આથી ૨૦૧૪ પછી દિલ્હીને, ભારત સરકારને તમારા દરવાજે લઈને આવી ગયો. અમારી સરકારની સાત વર્ષની મહેનત પૂરા નોર્થ ઈસ્ટમાં જોવા મળી રહી છે. મણિપુરમાં જોવા મળી રહી છે. આજે મણિપુર બદલાવનું, એક નવી કાર્ય સંસ્કૃતિનું પ્રતિક બની રહ્યું છે. આ બદલાવ છે - મણિપુરના કલ્ચર માટે, કેર માટે. તેમાં કનેક્ટિવિટીને પણ પ્રાથમિકતા છે, Creativity ને પણ એટલું જ મહત્વ છે.

## પાકિસ્તાન કરતારપુર કોરિડોર દ્વારા આતંકવાદીઓને ભારત મોકલવાનો પ્રયાસ

નવીદિલ્હી,તા.૪

નવા વર્ષમાં પાકિસ્તાનના નવા નાપાક ષડયંત્રનો પર્દાફાશ થયો છે.આસ્થાનું પ્રતિક ગણાતા કરતારપુર કોરિડોર દ્વારા પાકિસ્તાન હવે ઘુસણખોરીનું કાવતરું ઘડી રહ્યું છે.પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈએ લશ્કર હાઈકમાન્ડને કરતારપુર કોરિડોરમાંથી પાંચ આતંકવાદીઓને મોકલવા સૂચના આપી છે. આ આતંકવાદીઓને બે સપ્તાહની વિશેષ તાલીમ આપવામાં આવી છે. કરતારપુર કોરિડોરથી આતંકવાદીઓને ભારત મોકલવા માટે આઈએસઆઈ તમામ દસ્તાવેજો અને સુવિધાઓ આપશે.

પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈએ આતંકવાદીઓને પંજાબના ગુરદાસપુર અને પઠાણકોટ જવાનો નિર્દેશ આપ્યો છે. પાકિસ્તાનનું કાવતરું છે કે આ બે જગ્યાએ મોટો આતંકી હુમલો કરવામાં આવે. પંજાબમાં આ વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે, જ્યારે કેન્દ્ર સરકાર જમ્મુ અને કાશ્મીરમાં ચૂંટણીના આયોજનની સમીક્ષા કરી રહી છે. પાકિસ્તાનની આ નાપાક યોજનાને જોતા ગુપ્તચર એજન્સીઓએ પંજાબ અને કાશ્મીરના સુરક્ષા એકમોને સતર્ક રહેવા જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે વર્ષે જમ્મુ અને કાશ્મીરમાં ૧૦૦ સફળ આતંકવાદ વિરોધી ઓપરેશનમાં જમ્મુ-કાશ્મીર પોલીસ અને સુરક્ષા દળો દ્વારા ૪૪ ટોચના આતંકવાદીઓ અને ૨૦ વિદેશીઓ સહિત કુલ ૧૮૨ આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા. ૨૦૨૧માં માર્યા ગયેલા ૪૪ ટોચના આતંકવાદીઓમાંથી ૨૬ લશ્કર-એ-તૈયબા, ૧૦ જૈશ-એ-મોહમ્મદના, સાત હિઝબુલ મુજાહિદીનના અને એક અલ-બદરનો વિદેશી હતો.

## અમેરિકામાં ૧,૮૫,૧૨૨ કેસ, ૧૬૨નાં મોત યુકેમાં નવા ૧.૩૭ લાખ દર્દીઓ નોંધાયા

વોશિગ્ટન,તા.૪

ઓમિક્રોન વેરિઅન્ટના યુએસમાં નવા ૧,૮૫,૧૨૨ કેસ નોંધાવાને પગલે કુલ કેસોની સંખ્યા ૫૬,૧૪૨,૧૭૫ થઇ છે જ્યારે ૧૬૨ જણાના મોત થવાને પગલે કુલ કોરોના મરણાંક ૮,૪૭,૪૦૮ થયો હતો. ન્યુયોર્કમાં કોરોનાના નવા ૬૦,૭૧૭ કેસ નોંધાયા હતા તો કેલિફોર્નિયામાં ૨૩,૦૬૧ કેસ નોંધાયા હતા. ફ્રાન્સમાં કોરોનાના નવા ૫૮,૪૩૨ કેસ નોંધાયા હતા તો બ્રિટનમાં રવિવારે ૧,૩૭,૫૮૩ કેસ નોંધાયા હતા.

કેનેડામાં ક્યુબેક પ્રાંતમાં કોરોનાના નવા ૧૫,૮૪૫ કેસો નોંધાતા અને ૧૩ જણાના મોત થવાને પગલે સ્થાનિક સરકારે ત્રણ લોકડાઉનમાંના પહેલા લોકડાઉનનો અમલ શરૂ કર્યો હતો.

ઓસ્ટ્રેલિયામાં વિક્ટોરિયા સ્ટેટમાં કોરોનાના નવા ૮૫૭૭ કેસો નોંધાયા હતા તો ન્યુ સઉથ વેલ્શમાં કોરોનાના નવા ૨૦,૮૯૪ કેસ નોંધાયા હતા. કુલ ૧૨૦૪ જણાને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.વડાપ્રધાન સ્કોટ મોરિસને આરોગ્ય તંત્ર ઓમિક્રોનની લહેરને પહોંચી વળવા સજ્જ હોવાનું જણાવી ઉમેર્યું હતું કે મહામારીનો નવા તબક્કામાં આપણે પહોંચી ગયા છીએ. આરોગ્ય કર્મચારીઓને આઈસોલેટ ન થવું પડે અને તેઓ ફરજ પર પાછાં ફરી શકે તે માટે નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. બ્રિટનમાં કોરોનાના નવા ૧,૩૭,૫૮૩ કેસો નોંધાયા હતા અને ૭૩ જણાના મોત થયા હતા. દરમ્યાન ફ્રાન્સ અને જર્મનીમાં પણ સ્કૂલો શરૂ કરવામાં આવી હતી. ડચ સરકારે ૧૪ જાન્યુઆરી સુધી દેશભરમાં લોકડાઉન લંબાવ્યું છે. નેધરલેન્ડમાં ઓમિક્રોન વેરિઅન્ટ પ્રભાવી વેરિઅન્ટ બની ગયો છે.

સિંગાપોરમાં આરોગ્ય પ્રધાને જણાવ્યું હતું કે છેલ્લા એક સપ્તાહમાં સિંગાપોરમાં નવથી અગિયાર વર્ષના ૨૦,૦૦૦ બાળકોને કોરોનાની રસી આપવામાં આવી હતી. ઓમિક્રોનના કુલ નવા ૧૫૫ કેસો નોધાયા હતા જેમાંથી ૧૧૯ કેસ વિદેશી અને ૩૬ કેસ સ્થાનિક જણાયા હતા. જ્યારે કોરોનાના કુલ ૪૨૯ કેસો નોંધાયા હતા.

## દેશમાં બેરોજગારી ચાર મહિનાના સર્વોચ્ચ સ્તરે, મોટા શહેરોમાં ૯ ટકાથી વધુ બેરોજગારી

નવીદિલ્હી,તા.૪

સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી (સીએમઆઈઈ)ના ડેટા અનુસાર, નવેમ્બર અને ઓક્ટોબર ૨૦૨૧માં ૭ ટકા અને ૭.૭૫ ટકાની તુલનામાં ભારતનો બેરોજગારી દર ડિસેમ્બરમાં ૭.૯૧ ટકાના ચાર મહિનાની ટોચે પહોંચ્યો હતો. બેરોજગારીનો દર ઓગસ્ટ પછી સૌથી વધુ ૮.૩ ટકા પર પહોંચી ગયો છે.

ડિસેમ્બરમાં શહેરી બેરોજગારીનો દર વધીને ૯.૩૦ ટકા થયો હતો, જ્યારે ગ્રામીણ રોજગારીનો દર ૭.૨૮ ટકા હતો. શહેરી અને ગ્રામીણ બેરોજગારી અગાઉના મહિનામાં અનુક્રમે ૮.૨૧ ટકા અને ૬.૪૪ ટકાથી નોંધપાત્ર વધારો દર્શાવે છે. બેરોજગારીમાં વધારો મ્યૂટ આર્થિક પ્રવૃત્તિ અને ગ્રાહક સેન્ટિમેન્ટને આભારી છે, જે સમગ્ર વિશ્વમાં ઓમિક્રોન વેરિઅન્ટના ઉદભવ પછી કોવિડ-૧૯ કેસમાં થયેલા વધારાને કારણે અસરગ્રસ્ત છે.દરમિયાન, તાજેતરના અભ્યાસમાં બહાર આવ્યું છે કે શહેરી ભારતીયોમાં બેરોજગારી અને કોરોનાવાયરસ સૌથી મોટી ચિંતા છે.

## દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનો કોરોના રિપોર્ટ પોઝિટિવ, ઘરે જ ક્વોરન્ટાઈન થયા

નવીદિલ્હી,તા.૪

ઓમિક્રોનના વધતા જોખમ વચ્ચે, રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં કોરોના વાયરસ ખૂબ જ ઝડપથી ફેલાઈ રહ્યો છે. ત્યારે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પણ કોરોના પોઝિટિવ આવ્યા છે. તેમણે પોતે મંગળવારે સવારે ટ્વીટ કરીને લોકોને આ અંગેની જાણકારી આપી છે. તેઓને કોરોનાના હળવા લક્ષણો છે. કોરોના પોઝિટિવ આવ્યા બાદ અરવિંદ કેજરીવાલે પોતાને ઘરની અંદર ક્વોરેન્ટાઈન કરી લીધા છે. તેમણે તેમના સંપર્કમાં આવેલા લોકોને પણ ટેસ્ટ કરાવવા કહ્યું છે.



દિલ્હીના મુખ્યમંત્રીએ ટ્વિટ કરીને કહ્યું- ‘હું કોરોના પોઝિટિવ આવ્યો છુ. મેં મારી જાતને ઘરની અંદર ક્વોરેન્ટાઈન કરી છે. છેલ્લા કેટલાક દિવસો દરમિયાન જે લોકો મારા સંપર્કમાં આવ્યા છે તેઓએ પોતાને આઈસોલેટ કરી દે અને પોતાનો ટેસ્ટ કરાવી લે.દિલ્હીમાં કોરોના મહામારી બેકાબુ થતા લોકોમાં દહેશતનો માહોલ છે. સોમવારે પહેલી વાર કોરોનાના ૪૦૦૦થી વધારે નવા કેસ નોંધાયા બાદ સંક્રમિત દર્દીઓની સંખ્યા વધીને ૧૪.૫૮ લાખને પાર પહોંચી છે. તેની સાથે ફરી એક વાર પોઝિટિવીટી રેટ વધીને ૬.૪૬ ટકા થઈ ગયો છે. કોરોના સંક્રમણને કારણે સોમવારે ૧ દર્દીનું મોત થયું છે. સંક્રમણ દર વધતા હવે દિલ્હીમાં લોકડાઉન લગાડવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

## તંત્રી સ્થાનેથી...

# કોરોના કહેર બાદ અલગ સ્વરૂપો ધારણ કરતા સ્ટ્રેઇન, વેરિયન્ટ અને મ્યુટેશન્સ

***કોરોના રસીકરણ બાદ પણ વિશ્વમાં નવા વેરિયન્ટ ઓમિક્રોનનો જે રીતે વિસ્ફોટ થયો છે તે આ દુનિયાને જંપવા દે એમ લાગતું નથી. થોડે થોડે દિવસે કોરોનાના નવા વેરિયન્ટની વાતમાં ડેલ્ટા, મયુકરમાઇક્રોસિસ અને હવે ઓમિક્રોન સાથે ડેલ્ટા અને ઓમિક્રોનનું સંયોજન ડેલ્મિક્રોન છે. બે વેરિયન્ટ ડેલ્ટા અને ઓમિક્રોન મળીને એક 'સુપર સ્ટ્રેન' બનાવે છે. નબળી ઇમ્યુનિટીવાળા, વૃધ્ધોમાં એનું જોખમ ઊભું થઈ શકે છે.***

***અમેરિકા અને યુરોપમાં વધતા કેસો માટે ડેલ્મિક્રોન જ જવાબદાર છે. આ વાયરસના સ્ટ્રેઇન, વેરિયન્ટ અને મ્યુટેશન્સ કેલિડોસ્કોપનાં બદલાતાં ચિત્રોની માફક અલગ-અલગ સ્વરૂપો ધારણ કરે છે, પરંતુ આજ દિન તક આ વાયરસનું મારણ કે નિવારણ દુનિયાભરના વિજ્ઞાાનીઓ કે સુવિકસીત દેશો શોધી શક્યા નથી. શરૂઆતમાં કહેવાતું હતું કે વેક્સિનની શોધ થતાં જ વાયરસ કાબુમાં આવશે અને કોરોનાની બીજી લહેર અટકાવી શકાશે. પરંતુ આજે પરિસ્થિતિ એ છે કે ભારત સહિત વિશ્વના ૧૯૩ દેશોમાં ત્રીજી લહેર શરૂ થઈ રહી છે અને કેટલાક દેશોમાં ચોથી લહેર. વેક્સિનના બે ડોઝ લીધા બાદ બુસ્ટર ડોઝ પણ ફુલપ્રૂફ સાબિત થયા નથી. ભારત સરકાર બાળકોને રસી આપવા તૈયાર છે ને વયસ્કોને રસીના બંને ડોઝ લેવા અપીલ કરી રહી છે. બુસ્ટર ડોઝની વાત પણ ચાલે છે. ૧૦૦ કરોડથી વધુ લોકોને રસી અપાઈ હોવાનો સરકાર દાવો કરી રહી છે.***

***વિજ્ઞાાનીઓ માને છે કે આવનારા ચારથી છ મહિના પડકારજનક જરૂર છે, પરંતુ એ પણ શક્ય છે કે ઓમિક્રોનને પગલે સામાન્ય જનતામાં હર્ડ ઈમ્યુનિટી વહેલી આવી શકે. સાઉથ આફ્રિકામાં ગત નવેમ્બરમાં સૌ પ્રથમ ઓમિક્રોન વેરિયન્ટ મળ્યો હતો અને કેસોની સંખ્યામાં જોરદાર ઉછાળો આવ્યો હતો. સાઉથ આફ્રિકાથી ઓમિક્રોન વેરિયન્ટ યુકે, અમેરિકા, યુરોપ અને ભારત સહિત વિશ્વના અનેક દેશમાં વ્યાપી ચૂક્યો છે, પરંતુ સાઉથ આફ્રિકાનો સ્ટડી સૂચવે છે કે બે મહિનામાં પરિસ્થિતિ બલકે કોરોનાની ચોથી લહેર કાબુમાં આવી ચૂકી છે.***

***કોરોનાના અલગ-અલગ વેરિયન્ટ અને મ્યુટેશન્સના જિનેટિક કોડનો સતત અભ્યાસ ચાલુ રાખવો જોઈએ અને પ્રત્યેક વાયરસના કલ્ચરનો અભ્યાસ કરીને રખે ને કોઈ નવો હાઈબ્રિડ જેનેટિક રિકોમ્બિનેશન ન સર્જાય એની તકેદારી ચોક્કસ રાખવી જોઈએ. કોરોના વાયરસ કુદરતી વાયરસ છે કે લેબ દ્વારા નિર્મિત હોવા મુદ્દે હવે વિજ્ઞાાનીઓ બે ભાગમાં વહેંચાઈ ચુક્યા છે. તથ્યો અને તર્કને આધારે વિજ્ઞાાનીઓનું એક જૂથ ચીન સામે આંગળી ચીંધવાને બદલે સાફ સાફ શબ્દોમાં એવી માગણી કરી રહ્યું છે કે કોરોના વાયરસનું મૂળ અને કુળ શોધવા માટે હાઈ લેવલ કમિટી દ્વારા તલસ્પર્શી તપાસ થવી જોઈએ. કેટલાકને શંકા છે કે બાયોલોજિકલ વેપનના ભાગરૂપે કોરોના વાયરસના આ વેરિયન્ટનો અખતરો કરાયો છે. સાયન્સમાં એડવાન્સ ટેકનોલોજી શોધાઇ હોવા છતાં આ વખતે ચામાચીડિયું કે અન્ય કોઈ માધ્યમ વાયરસનાં નામોનિશાન સાથે તંતુમેળ સાધતું નથી અને માટે જ 'કુછ તો ગરબડ હૈ'ની ગુથ્થી સુલઝાવવામાં પણ કદાચ વિજ્ઞાાનીઓ મહેનત કરી રહ્યા હશે.***

# માર્ચ મહિનાથી વડાપ્રધાન મોદીનો ગુજરાતમાં મેરેથોન પ્રવાસ!

નવીદિલ્હી,તા.૪

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીનું કાઉનડાઉન શરૂ થઈ ગયું છે. ભારતીય જનતા પાર્ટીએ હાલ વિધાનસભાની ચૂંટણીની તૈયારી કરી છે. ત્યારે એક મહત્ત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર ગુજરાત આવવાના એંધાણ જોવા મળી રહ્યા છે. જાણવા મળી રહ્યું છે કે માર્ચ મહિનાથી પીએમ નરેન્દ્ર મોદી ગુજરાતનો પ્રવાસ કરશે.

આ વિશે જાણવા મળતી માહિતી પ્રમાણે વિધાનસભાની ચૂંટણી પહેલા નરેન્દ્ર મોદીના ગુજરાતમાં ૧૨ જેટલા પ્રવાસ થશે. જેમાં મહિલા મોરચા, યુવા મોરચાના મહાસમમેલન થશે. પીએમ ગુજરાતની ધરતી પરથી ફરી એકવાર મહિલાઓ અને યુવાનોને આહ્વાન કરશે.

વિધાનસભાની ચૂંટણીની તૈયારી ગુજરાત ભાજપે અત્યારથી જ આદરી દીધી છે ત્યારે પહેલાથી ભાજપે આયોજનના સોગઠાં ગોઠવી દેવામાં આવ્યા છે. તમામ જિલ્લાઓમાં પ્રદેશ ભાજપ પ્રમુખ પાટીલ ખુદ જઈ ગ્રામ્ય, તાલુકા અને જિલ્લા સ્તરે પહોંચીને લોકોને મળી રહ્યા છે. મહત્વપૂર્ણ છે કે આગામી ૨૦૨૨માં રાજયમાં વિધાનસભાની ચૂંટણીઓ આવી રહી છે. ત્યારે અત્યારથી જ ભાજપ દ્વારા રણનીતિપૂર્વક આયોજન કરવામાં આવી રહ્યું છે.

# ઈક્મટેક્સ પેયર ઉપયોગી

એક ઈક્મટેક્સ ઓફિસર તરફથી પ્રાપ્ત થયેલ મેસેજ

હવે એ સમય આવી ગયો છે કે - અખિલ ભારતીય ટેક્સ પેયર સંસ્થા- નું ગઠન થવું જોઈએ.

જે કદાચ વિશ્વનું સૌથી મોટું સંગઠન હશે.

હવે એક Tax Payers Union દેશમાં થવું જ જોઈએ ચાહે કોઈ પણ સરકાર હોય, આ સંગઠનની મંજૂરી સિવાય કોઈને ,મફત પાણી કે મફત વિજળી નહિ કે કોઈ મફત વહેંચણી કે કોઈ લોન માફીની જાહેરાત કોઈ પણ સરકાર કરી શકશે નહિ . આ નાણાં આપણે ભરેલા ટેક્સ ના હોવાથી તે કઈ રીતે વાપરવા તે કહેવાનો આપણને અધિકાર હોવો જોઈએ.

પક્ષો ફકત વોટ માટે જ તે વાપરે છે અને તેનો ફાયદો તેમને જ થાય છે, કોઈ પણ જાહેરાત થાય તે પહેલાં તેની બ્લુ પ્રિન્ટ આપવી પડે અને આ સંગઠનની મંજૂરી લેવી પડશે અને આ તમામ પ્રક્રિયા ધારાસભ્યો કે સાંસદોના પગાર કે તેમને મળતા અન્ય લાભો માટે પણ કરવી પડશે

તમામ રાજકીય પક્ષો આપણા ભરેલા ટેક્સના નાણાં ની મફત લ્હાણી કરી પોતાના ફાયદો કરે છે તે તેમના પક્ષમાંથી વહેંચવા જોઈએ, આપણા નાણાંમાંથી નહિ...

જો તમે પણ આ પ્રક્રિયામાં સંમત છૌંક તો આ સંદેશો વધુમાં વધુ ટેક્સ payer સુધી પહોંચાડો

# પ્રાચીન વૈદિક સૈદ્ધાંતિક જ્ઞાન

પ્ર. ૧. આપણા દેશનું પ્રાચીન તથા પ્રથમ નામ શું હતું?

ઉત્તર : આપણા દેશનું પ્રાચીન તથા પ્રથમ નામ આર્યાવર્ત હતું.

પ્ર. ૨. આપણું ભારતવાસીઓનું પ્રાચીન નામ શું હતું ?

ઉત્તર : આપણું ભારતવાસીઓનું પ્રાચીન નામ આર્ય હતું.

પ્ર. ૩. આપણો ભારતવાસીઓનો પ્રાચીનતમ ધર્મ કયો છે ?

ઉત્તર : આપણો ભારતવાસીઓનો પ્રાચીનતમ ધર્મ વૈદિક ધર્મ છે.

પ્ર. ૪. આપણી વૈદિકધર્મીઓની ધાર્મિક પુસ્તક કઈ છે ?

ઉત્તર : આપણી વૈદિકધર્મીઓની ધાર્મિક પુસ્તક વેદ છે.

પ્ર. ૫. વેદ કેટલા છે અને કયા કયા ?

ઉત્તર : વેદ ચાર છે. ઋગ્વદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ.

પ્ર. ૬. વેદ કેટલાં જૂનાં છે ?

ઉત્તર : વેદ ૧,૯૬,૦૮, ૫૩, ૧૦૦ વર્ષ જૂનાં છે. (વિ.સં. ૨૦૬૪, । ઈ.સ. ૨૦૦૮ માં)

પ્ર. ૭, ચારે વેદોમાં કેટલાં મંત્રો છે ?

ઉત્તર : ચારે વેદોમાં ૨૦૩૭૯ મંત્રો છે. ઋગ્વદમાં ૧૦૫૫૨, યજુર્વેદમાં - ૧૯૭૫, સામવેદમાં ૧૮૭૫ અને અથર્વવેદમાં ૫૯૭૭ મંત્રો છે.

પ્ર. ૮. વેદોની ભાષા કઈ છે ?

ઉત્તર : વેદોની ભાષા વૈદિક સંસ્કૃત છે.

પ્ર. ૯. વેદોમાં કયા વિષયો છે ?

ઉત્તર : વેદોમાં મનુષ્યો માટે આવશ્યક સમસ્ત જ્ઞાન-વિજ્ઞાન છે. ટૂંકમાં ઈશ્વર, જીવ, પ્રકૃતિનું વિજ્ઞાન અથવા જ્ઞાન, કર્મ અને ઉપાસનાના વિષય છે.

પ્ર. ૧૦. વેદોનું જ્ઞાન મનુષ્યોને કેવી રીતે મળ્યું?

ઉત્તર : વેદોનું જ્ઞાન સૃષ્ટિના આરંભમાં ઈશ્વરે ચાર ઋષિઓને પ્રદાન કર્યું.

તેમના નામ અગ્નિ, વાયુ, આદિત્ય અને અંગિરા હતાં. પ્રાચીન વૈદિક સૈદ્ધાંતિક જ્ઞાન

(પ્ર. ૧૧. વેદ પુસ્તકરૂપે ક્યારે બન્યાં ?

ઉત્તર : એવી સંભાવના છે કે સૃષ્ટિના આરંભમાં થોડા સમય પછી વેદ પુસ્તકરૂપે બન્યા,

પ્ર. ૧૨. અનાદિ વસ્તુઓ (પદાર્થ) કેટલી છે ?

ઉત્તર : અનાદિ વસ્તુઓ (પદાર્થ) ત્રણ છે. ઈશ્વર, જીવ અને પ્રકૃતિ.

પ્ર. ૧૩. અનાદિ કોને કહેવાય ?

ઉત્તર : જે વસ્તુઓની ઉત્પત્તિ (પ્રારંભ)ન હોય તે અનાદિ કહેવાય છે.

પ્ર. ૧૪. ઈશ્વરના મુખ્ય કામ કયા કયા છે?

ઉત્તર : ઈશ્વરના મુખ્ય પાંચ કાર્યો છે. (૧) સંસારની ઉત્પત્તિ કરવી, (૨) સંસારનું પાલન કરવું, (૩) સંસારનો વિનાશ કરવો, (૪) વેદોનું જ્ઞાન આપવું અને (૫) સારા ખરાબ કર્મોનું ફળ આપવું.

પ્ર. ૧૫. ઈશ્વરનો અને મનુષ્યોનો શું સંબંધ છે ?

ઉત્તર : ઈશ્વર અને મનુષ્યોની વચ્ચે પિતા-પુત્ર, માતા-પુત્ર, ગુરૂ-શિષ્ય, રાજા-પ્રજા, સાધ્ય-સાધક, ઉપાસ્ય-ઉપાસક, વ્યાપક-વ્યાપ્ય જેવા અનેક સંબંધ છે.

પ્ર. ૧૬. વેદમાં ઈશ્વરનું સ્વરૂપ કેવું બતાવ્યું છે ?

ઉત્તર : વેદમાં ઈશ્વરને સર્વવ્યાપક, સર્વજ્ઞ, નિરાકાર, ન્યાયકારી, । કર્મફળદાતા વગેરે સ્વરૂપયુક્ત બતાવેલ છે.

પ્ર. ૧૭. આ જગત ક્યારે બન્યું?

ઉત્તર : આ જગત ૧,૯૬,૦૮,૫૩,૧૦૮ વર્ષ પૂર્વે બન્યું. (વિ. સં. ૨૦૬૪, ઈ.સ. ૨૦૦૮ પ્રમાણે)

પ્ર. ૧૮. આ જગત હજુ કેટલાં વર્ષ સુધી ટકશે ?

ઉત્તર : આ જગત ૨,૩૫,૯૧,૪૬,૮૯૨ વર્ષ સુધી ટકશે.

પ્ર. ૧૯. રામાયણને કેટલાં વર્ષ થયાં?

ઉત્તર : રામાયણને થયે લગભગ ૧૦ લાખ વર્ષ થયાં.

પ્ર. ૨૦. મહાભારતને કેટલાં વર્ષ થયાં ?

ઉત્તર : મહાભારતને લગભગ ૫૨૦૦ વર્ષ થયાં.

પ્ર. ૨૧. પારસી મત કેટલો જૂનો છે ?

ઉત્તર : પારસી મત લગભગ ૪૫૦૦ વર્ષ જૂનો છે.

પ્ર. ૨૨. યહૂદી મત કેટલો જૂનો છે ?

ઉત્તર : યહૂદી મત લગભગ ૪૦ વર્ષ જૂનો છે.

પ્ર. ૨૩. જૈન તથા બૌદ્ધ મત કેટલા જૂના છે ?

ઉત્તર : જૈન તથા બૌદ્ધ મત લગભગ ૨૫૦૦ વર્ષ જૂના છે.

પ્ર. ૨૪. શંકરાચાર્યને થયે કેટલાં વર્ષ થયાં ?

ઉત્તર : શંકરાચાર્યને થયે લગભગ ૨૩૦૦ વર્ષ થયાં.

પ્ર. ૨૫. હિન્દુ-પૌરાણિક મત કેટલો જૂનો છે ?

ઉત્તર : હિન્દુ-પૌરાણિક મત લગભગ ૨૨૦૦ વર્ષ જૂનો છે.

પ્ર. ૨૬. ખ્રિસ્તી મત કેટલો જૂનો છે?

ઉત્તર : ખ્રિસ્તી મત લગભગ ૨૦૦૦ વર્ષ જૂનો છે.

પ્ર. ૨૭. ઈસ્લામ મત કેટલો જૂનો છે ?

ઉત્તર : ઈસ્લામ મત લગભગ ૧૪૦૦ વર્ષ જૂનો છે.

પ્ર. ૨૮. શીખ મત કેટલો જૂનો છે ?

ઉત્તર : શીખ મત લગભગ ૫૦૦ વર્ષ જૂનો છે.

પ્ર. ૨૯. બ્રહ્માકુમારી, રાધાસ્વામી, ગાયત્રી પરિવાર, સ્વામીનારાયણ, સ્વાધ્યાય પરિવાર, આનંદમાર્ગ વગેરે સંપ્રદાયો કેટલા જૂના છે?

ઉત્તર : આપણા દેશમાં પ્રચલિત ઉપર જણાવેલ અને તેના જેવા સેંકડો સંપ્રદાયો ૧૦૦-૧૫૦ વર્ષથી જ શરૂ થયેલ છે.

પ્ર. ૩૦. ઈશ્વરની મૂર્તિ બનાવીને તેની પૂજા કરવાનું ક્યારથી શરૂ થયું?

ઉત્તર : ઈશ્વરની મૂર્તિ બનાવીને તેની પૂજા કરવાનું લગભગ ૨૫૦૦ વર્ષ પહેલાં શરૂ થયું. તેનાથી પહેલાં લોકો નિરાકાર ઈશ્વરની જ ધ્યાન પદ્ધતિથી ઉપાસના કરતા હતા.

પ્ર. ૩૧. વેદ આધારિત ધર્મના લક્ષણો કયા છે ?

ઉત્તર : વેદ આધારિત ધર્મના લક્ષણો - ધીરજ રાખવી, ક્ષમા, મન પર નિયંત્રણ, ચોરી ન કરવી, પવિત્રતા, ઈન્દ્રિય નિગ્રહ, બુદ્ધિ વધારવી, જ્ઞાન-વિજ્ઞાન પ્રાપ્ત કરવું, સત્ય બોલવું તથા ક્રોધ ન કરવો તે છે.

પ્ર. ૩૨. પૃથ્વી પર સૌ પ્રથમ મનુષ્ય જ્યાં ઉત્પન્ન થયા ?

ઉત્તર : પૃથ્વી પર સૌ પ્રથમ મનુષ્ય તિબેટમાં ઉત્પન્ન થયા.

પ્ર. ૩૩. આર્ય કોને કહેવાય ?

ઉત્તર : ઉત્તમ ગુણ-કર્મ-સ્વભાવવાળા મનુષ્ય આર્ય કહેવાય છે.

પ્ર. ૩૪. શું આર્ય લોકો ભારતમાં બહારથી આવ્યા હતા ?

ઉત્તર : આર્ય લોકો ભારતમાં બહારથી આવેલ નથી. આ જ ભારતના મૂળનિવાસી છે.

પ્ર. ૩૫. ઈતિહાસમાં એવું ભણાવવામાં આવે છે કે આર્યો ભારતમાં બહારથી આવેલ છે ?

ઉત્તર : ઈતિહાસમાં ખોટું ભણાવાય છે. આર્યલોકો ભારત બહારથી આવ્યા હોય તેવા કોઈ પુરાવા આપણા ઈતિહાસ-ગ્રંથોમાં નથી મળતાં.

પ્ર. ૩૬. ચક્રવર્તી સમ્રાટ કોને કહેવાય?

ઉત્તર : સંપૂર્ણ પૃથ્વીના રાજાને ચક્રવર્તી સમ્રાટ કહે છે.

પ્ર. ૩૭. ચક્રવર્તી સમ્રાટ ક્યારે થયા હતા ?

ઉત્તર : સૃષ્ટિના આરંભથી લઈને મહાભારતના સમય સુધી આ પૃથ્વી પર ચક્રવર્તી સમ્રાટ જ શાસન કરતા રહ્યા છે.

પ્ર. ૩૮. અંતિમ ચક્રવર્તી રાજા કોણ હતા ?

ઉત્તર : અંતિમ ચક્રવર્તી રાજા યુધિષ્ઠિર હતા.

પ્ર. ૩૯. પૃથ્વી પર વૈદિક સામ્રાજ્ય ક્યાં સુધી રહ્યું ?

ઉત્તરઃ પૃથ્વી પર વૈદિક સામ્રાજય સૃષ્ટિના આરંભથી લઈને મહાભારત કાળ સુધી અર્થાત્ લગભગ ૧,૯૬,૦૮,૪૮,૦૦૦ વર્ષ સુધી રહ્યું.

પ્ર. ૪૦. વૈદિક કાળમાં વિશ્વના લોકો કયા ઈશ્વરને માનતા હતા ?

ઉત્તર : વૈદિક કાળમાં વિશ્વના લોકો કેવળ એક નિરાકાર ઈશ્વરને માનતા હતા.

પ્ર. ૪૧. વૈદિક સામ્રાજ્યના કાળમાં વિશ્વની શાસનની ભાષા કઈ હતી ?

ઉત્તર : વૈદિક સામ્રાજયના કાળમાં વિશ્વની શાસનની ભાષા સંસ્કૃત હતી.

પ્ર. ૪૨. વૈદિક કાળમાં શિક્ષણ પદ્ધતિ કઈ હતી ?

ઉત્તર : વૈદિક કાળમાં શિક્ષણ પદ્ધતિ ગુરૂકુલીય હતી.

પ્ર. ૪૩. વૈદિક ધર્મમાં વ્યક્તિગત જીવનને કેટલા ભાગમાં વહેંચવામાં આવેલ છે ?

ઉત્તર : વૈદિક ધર્મમાં વ્યક્તિગત જીવનને ચાર ભાગમાં વહેંચવામાં આવેલ છે, જેને ચાર આશ્રમ કહે છે.

પ્ર. ૪૪. ચાર આશ્રમો કયા કયા છે?

ઉત્તર : ચાર આશ્રમો - (૧) બ્રહ્મચર્ય આશ્રમ (૨) ગૃહસ્થ આશ્રમ (૩) વાનપ્રસ્થ આશ્રમ અને (૪) સંન્યાસ આશ્રમ છે.

પ્ર. ૪૫. વૈદિક ધર્મમાં ગુણ, કર્મ અને સ્વભાવના આધારે માનવ સમાજને કેટલા ભાગોમાં વહેંચવામાં આવેલ છે અને તેમના નામ જણાવો?

ઉત્તર : વૈદિક ધર્મમાં ગુણ, કર્મ અને સ્વભાવના આધારે માનવ સમાજને ચાર ભાગમાં વહેંચવામાં આવેલ છે. તેમના નામ (૧) બ્રાહ્મણ (૨) ક્ષત્રિય (૩) વૈશ્ય અને (૪) શૂદ્ર છે.

પ્ર. ૪૬. શું વૈદિક ધર્મમાં ઈશ્વર અવતાર લે છે તેમ બતાવેલ છે ?

ઉત્તર : વૈદિક ધર્મમાં ઈશ્વર અવતાર લે છે તેવું વિધાન નથી કારણકે ઈશ્વર સર્વવ્યાપક, નિરાકાર હોવાથી તેનો અવતાર થવો સંભવ નથી.

પ્ર. ૪૭. વૈદિકધર્મીને માટે કયા કાર્ય કરવા અનિવાર્ય છે ?

ઉત્તર : વૈદિકધર્મીને માટે પંચમહાયજ્ઞ કરવા અનિવાર્ય છે.

પ્ર. ૪૮. પંચમહાયજ્ઞો કયા કયા છે ?

ઉત્તર : પંચમહાયજ્ઞો (૧) બ્રહ્મયજ્ઞ (ઈશ્વરનું ધ્યાન તથા વેદનો અભ્યાસ), (૨) દેવયજ્ઞ (હવન કરવો), (૩) પિતયજ્ઞ (માતા-પિતા, વડીલોની સેવા કરવી), (૪) અતિથિયજ્ઞ (વિદ્વાન, સંન્યાસી, સમાજસેવક વ્યક્તિઓનો સત્કાર કરી તેમની પાસેથી માર્ગદર્શન લેવું.), (૫) બલિવૈશ્વદેવયજ્ઞ (પશુ, પક્ષી, અનાથ, વિકલાંગ આદિની સેવા કરવી) છે.

પ્ર. ૪૯ વૈદિક ધર્મમાં જીવનને શ્રેષ્ઠ બનાવવા માટે અન્ય કયા વિધિ વિધાન બતાવ્યા છે ?

ઉત્તર : વૈદિક ધર્મમાં જીવનને શ્રેષ્ઠ બનાવવા માટે સોળ સંસ્કાર કરવાનું વિધાન છે.

પ્ર. ૫૦. સોળ સંસ્કારોના નામ જણાવો ?

ઉત્તર : સોળ સંસ્કારોના નામ નીચે મુજબ છે.

(૧) ગર્ભાધાન (૨) પુંસવન (૩) સીમંતોન્નયન (૪) જાતકર્મ (૫) નામકરણ (૬) અન્નપ્રાશન (૭) નિષ્ક્રમણ (૮) ચૂડાકર્મ (બાબરી) (૯) કર્ણવેધ (૧૦) ઉપનયન (૧૧) વેદારંભ (૧૨) સમાવર્તન (૧૩) વિવાહ (લગ્ન) (૧૪) વાનપ્રસ્થ (૧૫) સંન્યાસ અને (૧૬) અંત્યેષ્ટિ

પ્ર. ૫૧. વૈદિકધર્મી એકબીજાને જયારે મળે ત્યારે કયા શબ્દથી અભિવાદન કરે છે ?

ઉત્તર : વૈદિકધર્મી એકબીજાને જયારે મળે ત્યારે ''નમસ્તે' શબ્દથી અભિવાદન કરે છે. (તેનો અર્થ હું તમારું સમ્માન કરું છું તેવો થાય છે )

પ્ર. ૫૨. શું વૈદિક ધર્મમાં ત્રુટિ, ભૂલ, દોષ પાપને માટે ઈશ્વર તરફથી ક્ષમા કરવાનું વિધાન છે ?

ઉત્તર : વૈદિક ધર્મમાં ત્રુટિ, ભૂલ, દોષ, પાપને માટે ઈશ્વર તરફથી ક્ષમા ન કરવાનું વિધાન નથી.

પ્ર. ૫૩. શાસ્ત્ર કેટલાં છે અને તેમનાં નામ કયા કયા છે ?

ઉત્તર : શાસ્ત્ર ૬ છે : (૧) યોગ દર્શન, (૨) સાંખ્ય દર્શન, (૩) વૈશેષિક દર્શન, (૪) ન્યાય દર્શન, (૫) વેદાંત દર્શન અને (૬) મીમાંસા દર્શન.

પ્ર. ૫૪. વેદોનાં અંગ કેટલાં છે અને તેમનાં નામ કયા કયા છે ?

ઉત્તર : વેદોનાં અંગ ૬ છે : (૧) શિક્ષા (૨) કલ્પ (૩) વ્યાકરણ (૪) નિરુક્ત (૫) છંદ અને (૬) જયોતિષ.

પ્ર. ૫૫. વેદોના આધારે ઋષિઓએ બનાવેલ સામાજિક વિધિવિધાન તથા આચારસંહિતાનો પ્રસિદ્ધ, પ્રાચીન અને મહત્ત્વપૂર્ણ ધાર્મિક ગ્રંથ કયો છે ?

ઉત્તર : વેદોના આધારે ઋષિઓએ બનાવેલ સામાજિક વિધિવિધાન તથા આચારસંહિતાનો પ્રસિદ્ધ, પ્રાચીન અને મહત્ત્વપૂર્ણ ધાર્મિક ગ્રંથ 'મનુસ્મૃતિ' છે.

પ્ર. ૫૬. શું વૈદિક ધર્મમાં આભડછેટ (છૂત અછૂત), જાતિભેદ, જાદુટોણા, દોરાધાગા, તાવીજ, શુભ-અશુભ, ફલિત જયોતિષ, જન્મકુંડળી. હસ્તરેખા, નવગ્રહ પૂજા, નદીમાં નહાવું, બલિપ્રથા, સતીપ્રથા, માંસાહાર, મદ્યપાન, બહુવિવાહ, ભૂત-પ્રેત, મૃતકોના નામે પિંડદાન, ભવિષ્યવાણી વગેરેના વિધાન છે?

ઉત્તર : વૈદિક ધર્મમાં આભડછેટ (છૂત-અછૂત), જાતિભેદ, જાદુટોણા દોરાધાગા, તાવીજ, શુભ-અશુભ, ફલિત જયોતિષ, જન્મકુંડળી, હસ્તરેખા, નવગ્રહ પૂજા, નદીમાં નહાવું, બલિપ્રથા, સતીપ્રથા, માંસાહાર, મદ્યપાન, બહુવિવાહ, ભૂત-પ્રેત, મૃતકોના નામે પિંડદાન, ભવિષ્યવાણી વગેરેના વિધાન નથી.

પ્ર. ૫૭. વૈદિક ધર્મમાં મનુષ્ય જીવનનું અંતિમ લક્ષ્ય/ ઉદ્દેશ્ય/ પ્રયોજન શું બતાવવામાં આવ્યું છે ?

ઉત્તર : વૈદિક ધર્મમાં મનુષ્ય જીવનનું અંતિમ લક્ષ્ય/ ઉદ્દેશ્ય/ પ્રયોજન બધાં જ દુઃખોથી છુટવું અને પૂર્ણ આનન્દને પ્રાપ્ત કરવાનું બતાવેલ છે.

પ્ર. ૫૮. બધાં જ દુઃખોથી છૂટવું કેવી રીતે સંભવ છે ?

ઉત્તર : આધ્યાત્મિક અજ્ઞાનના નષ્ટ થવાથી બધાજ દુઃખોથી છૂટવું સંભવ છે.

પ્ર. ૫૯. આધ્યાત્મિક અજ્ઞાન કેવી રીતે નષ્ટ થાય છે ?

ઉત્તર : આધ્યાત્મિક અજ્ઞાન ઈશ્વર દ્વારા આધ્યાત્મિક શુદ્ધ જ્ઞાન પ્રદાન કરવાથી નષ્ટ થાય છે.

પ્ર. ૬૦. ઈશ્વર આધ્યાત્મિક શુદ્ધ જ્ઞાન ક્યારે આપે છે ?

ઉત્તર : ઈશ્વર આધ્યાત્મિક શુદ્ધ જ્ઞાન મનની સમાધિ અવસ્થામાં આપે છે.

પ્ર. ૬૧.સમાધિની અવસ્થા કેવી રીતે પ્રાપ્ત થાય છે ?

ઉત્તર : સમાધિની અવસ્થા અષ્ટાંગ યોગની વિધિથી મન, ઈન્દ્રિયો ઉપર પૂર્ણ નિયંત્રણ કરવાથી પ્રાપ્ત થાય છે.

પ્ર. ૬૨. મન, ઈન્દ્રિયો પર પૂર્ણ નિયંત્રણ કેવી રીતે થાય છે?

ઉત્તર : મન, ઈન્દ્રિયો પર પૂર્ણ નિયંત્રણ આત્માનો સાક્ષાત્કાર કરવાથી થાય છે.

પ્ર. ૬૩. આત્માનો સાક્ષાત્કાર ક્યારે થાય છે ?

ઉત્તર : આત્માનો સાક્ષાત્કાર આત્માથી સંબંધિત વિજ્ઞાનને ભણીને, વિચારીને, નિર્ણય લઈને, દઢ નિશ્ચય કરીને તપસ્યા અને પુરુષાર્થપૂર્વક કાર્યોને કરવાથી થાય છે.

પ્ર. ૬૪. ઈશ્વરનું ધ્યાન કરવાથી શું લાભ થાય છે ?

ઉત્તર : ઈશ્વરનું ધ્યાન કરવાથી મન ઉપર અધિકાર થઈ જાય છે, ઈન્દ્રિયો પર નિયંત્રણ થાય છે, એકાગ્રતા વધે છે, સ્મૃતિ શક્તિ તેજ થાય છે, બુદ્ધિ સાચો અને ત્વરિત જ નિર્ણય કરનારી બને છે, આત્મિક બળ વધે છે. ધૈર્ય, સહનશક્તિ, ક્ષમા, દયા, નિષ્કામતાની વૃદ્ધિ થાય છે અને વિશેષ આનંદ, શાન્તિ, નિર્ભિક્તાની પ્રાપ્તિ થાય છે.

પ્ર. ૬૫. મનુષ્ય દુઃખી કેમ થાય છે ?

ઉત્તર : મનુષ્ય રાગ, દ્વેષ અને મોહ અર્થાત્ અજ્ઞાનને કારણે દુઃખી થાય છે.

પ્ર. ૬૬. વૈરાગ્યનો અર્થ શું છે ?

ઉત્તર : વૈરાગ્ય એટલે રાગ-દ્વેષથી રહિત, એષણાઓથી રહિત, લૌકિક સુખ લેવાની ઈચ્છાઓથી રહિત નિષ્કામ ભાવનાથી કર્તવ્ય કર્મો કરવા.

પ્ર. ૬૭. આધ્યાત્મિકતા શબ્દનો અર્થ શું છે ?

ઉત્તર : આધ્યાત્મિકતા એટલે આત્મા, પરમાત્મા, મન, બુદ્ધિ, મોક્ષ, બંધન, પુનર્જન્મ, કર્મ અને તેનું ફળ, સંસ્કાર, સમાધિ વગેરે વિષયોનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવું અને તે પ્રમાણે આચરણ કરવું.

પ્ર. ૬૮. મનુષ્યના મનમાં અશાન્તિ, ભય, ચિન્તા કેમ ઉત્પન થાય છે ?

ઉત્તર : મનુષ્યના મનમાં અશાન્તિ, ભય, ચિત્તા પાપ કર્મ કરવાથી ઉત્પન્ન થાય છે.

પ્ર. ૬૯. પાપ કોને કહે છે ?

ઉત્તર : અધર્માચરણને પાપ કહે છે.

પ્ર. ૭૦. અધર્માચરણ કોને કહે છે ?

ઉત્તર : ઈશ્વરની આજ્ઞાઓ, શાસ્ત્રોના વિધિ-વિધાનો, મહાપુરુષોના નિર્દેશો તથા પોતાની પવિત્ર આત્મામાં ઉત્પન્ન થતા પવિત્ર વિચારોથી વિપરીત વ્યવહારને અધર્મ આચરણ કહે છે.

પ્ર. ૭૧. ધર્મની સામાન્ય પરિભાષા શું છે ?

ઉત્તર : ધર્મની સામાન્ય પરિભાષા એ છે કે જે વ્યવહાર પોતાને સારો લાગે તેવો બીજા સાથે કરે અને જે વ્યવહાર પોતાને સારો ન લાગે તેવો બીજા સાથે ન કરે.

પ્ર. ૭૨. વૈદિક ધર્મમાં કર્મફળ સિદ્ધાંત શું છે?

ઉત્તર : જે મનુષ્ય શરીર, મન, ઈન્દ્રિયોથી જેટલા પણ સારાં-નરસાં કર્મ કરે છે તેને સૌના ફળ સુખ-દુઃખના રૂપે અવશ્ય મળે છે.

પ્ર. ૭૩. શું વેદો પ્રમાણે પાપ કર્મોનાં ફળ માફ થઈ શકે છે?

ઉત્તર : વેદો પ્રમાણે પાપ કર્મોના ફળ કોઈ રીતે પણ માફ થઈ શકતા નથી.

પ્ર. ૭૪. તો પછી દાન-પુણ્ય, જપ-તપ, સેવા, પરોપકાર વગેરેનો શું લાભ?

ઉત્તર : દાન-પુણ્ય, જપ-તપ, સેવા-પરોપકાર વગેરેના અલગથી સારા ફળ મળે છે પરંતુ તેનાથી પાપ કર્મોના ફળ ન તો ઓછા થાય છે ન તો માફ થાય છે.

પ્ર. ૭૫. જ્યારે કર્મોના ફળ મળવાના જ છે તો ઈશ્વરની ઉપાસના કરવાથી શો લાભ?

ઉત્તર : ઈશ્વરની ઉપાસના કરવાથી બુદ્ધિ પવિત્ર થાય છે અને આનન્દની પ્રાપ્તિ થાય છે. આત્મિક બળ મળે છે, મનમાં ઉત્તમ વિચાર ઉત્પન્ન થાય છે.પરિણામસ્વરૂપ મનુષ્ય ભવિષ્યમાં ખરાબ કર્મો નથી કરતો અથવા ઓછા કરે છે.

પ્ર. ૭૬. શું આપણું ભવિષ્ય નિશ્ચિત છે અને તેને કોઈ જાણીને બતાવી શકે છે?

ઉત્તર : આપણું ભવિષ્ય નિશ્ચિત નથી અને તેને કોઈપણ જાણીને બતાવી શકતું નથી.

પ્ર. ૭૭. તો પછી આ જ્યોતિષી લોકો ભવિષ્યની વાતો બતાવે છે તે સત્ય નથી ?

ઉત્તર : હા, જયોતિષી લોકો ભવિષ્યની વાતો બતાવે છે તે સત્ય નથી.

પ્ર. ૭૮. કોઈ વિશેષ પરિસ્થિતિમાં જૂઠું બોલવું લાભકારી અને ઉચિત હોય છે?

ઉત્તર : કોઈપણ પરિસ્થિતિમાં જૂઠું બોલવું ન તો લાભકારી હોય છે અને ન તો ઉચિત હોય છે.

પ્ર. ૭૯. શું ઈશ્વર પોતાની ઈચ્છાથી કોઈ મનુષ્યને કર્મ કર્યા વગર સુખદુઃખ રૂપી ફળ આપે છે ?

ઉત્તર : ઈશ્વર પોતાની ઈચ્છાથી મનુષ્યને કર્મ કર્યા વગર સુખદુઃખ રૂપી ફળ નથી આપતો.

પ્ર. ૮૦. શું અજ્ઞાન = મિથ્યાજ્ઞાનના કારણે કરેલા ખરાબ કર્મોના ફળ પણ મળે છે ?

ઉત્તર : જી હા, અજ્ઞાન = મિથ્યાજ્ઞાનના કારણે કરેલા ખરાબ કર્મોના ફળ, અવશ્ય મળે છે. આપણું કર્તવ્ય છે કે અજ્ઞાનને દૂર કરવું.

પ્ર. ૮૧.કયું કામ સારું છે તેની ખબર કેવી રીતે પડે ?

ઉત્તર : કોઈ કામ કરતાં પહેલાં, કરતી વખતે, કર્યા પછી મનમાં આનન્દ, ઉત્સાહ, પ્રસન્નતા, શાન્તિ, સંતોષ ઉત્પન્ન થાય છે, સાથે-સાથે જેનાથી વ્યક્તિગત, પારિવારિક, સામાજિક અને રાષ્ટ્રની કોઈપણ પ્રકારે હાનિ ન થાય તેવા કામને સારું માનવું જોઈએ.

પ્ર. ૮૨. કયું કામ ખરાબ છે તેની ખબર કેવી રીતે પડે ?

ઉત્તર : કોઈ કામ કરતા પહેલાં, કરતી વખતે, કર્યા પછી મનમાં ભય, - શંકા, શરમ ઉત્પન્ન થાય છે, સાથે સાથે જેનાથી વ્યક્તિગત, પારિવારિક, સામાજિક અથવા રાષ્ટ્રની કોઈ હાનિ થતી હોય તેવા કામને ખરાબ માનવું જોઈએ.

વધુ અનુસંધાન પેજ ૩ પર

ન્યુઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ

NOG સાહિત્ય સરિતા ગ્રુપ

સંચાલક: પ્રદીપ રાવલ



www.janfariyadnews.com

વીડિયો એડિટર:મીનાક્ષી રાવલ

જીજ્ઞા કપૂરીયાં



**NOG SS 2022 NO : 0001**

**વિષય : NOG ગ્રુપ વિષયક માહિતી**

**Reminder for All Members....**

જન ફરિયાદ...દેશ વિદેશ સાપ્તાહિક.૧૭ માર્ચ ૧૯૯૬ થી અવિરત દર રવિવારે .૨૦૦૧ થી નવ દેશો ના વાચકો કવર કરતું પોતાના અવાજ પ્રગટ કરતું સાપ્તાહિક...અને ૨૦૧૪ થી ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક રૂપે સમાચારો સાથે સાંસ્કૃતિક,ભાતીગળ,પ્રત્યેક ભાષાના સ્વજનો ના પોતીકા અવાજ સાહિત્યિક, અહિતિહાસિકતા,ધર્મ સંસ્કૃતિ,વાર તહેવારો ભાવી જાગરૂકતા પ્રસિદ્ધિ આપતું દૈનિક...

૨૦૧૯ ના જૂન માસ થી " "સાહિત્ય સરિતા ગ્રુપ - ૧" ની શુભ શરુઆત..દેશ વિદેશ ના સાહિત્ય સર્જકો ની કૃતિઓ ગદ્ય,પદ્ય,સાઈજીકી,હાઈકુ,નવલિકા,વાર્તા અને સતત રેગ્યુલર આવતી કોલમ ના સર્જકો ને વાચા આપતું સતત સવાર સાંજ પરોક્ષ સંબંધે ધબકતું રાખતું સાહિત્ય ગ્રુપ NOG...

.. સાહિત્ય સંગીત નું વિશ્વ ગ્રુપ આયોજક કૌશિક શાહ દ્વારા પ્રત્યેક રચના ના કોલાજ રેગ્યુલર અખબાર માં પ્રસિદ્ધ..બંને અખબારો નું ફ્રી વાંચન ગ્રુપ અને વેબસાઈટ ઉપર.,આપવામાં આવતા વિષય પરની રચનાઓ ની પ્રસિદ્ધિ,ગ્રુપ માં થતી પ્રવૃત્તિઓ ના લાભ લાભ..એક બીજા અનુભવી સાહિત્યિક વડીલો સાથે "સાહિત્ય પરિવાર" નો એક અહેસાસ એટલે જ "ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ - ૧"..સુંદર પીઠ સાહિત્ય સર્જકો ની એડમીન ટીમ...તેમના માર્ગદર્શન હેઠળ તંત્રી તરીકે નું ગ્રુપ સંચાલન..સાથે સાથે www.janfariyadnews.com વેબસાઈટ દ્વારા સર્જકો ની વિડિયો,ઓડિયો રચના ની વાર તહેવારે સુંદર રજૂઆત......આ બધુજ એક નજીવી " ફ્રી " માં....અને હવે ગ્રુપ ના સભ્યો નું નવા વર્ષે સુંદર સ્નેહમિલન થવા જઈ રહ્યું છે......સ્ત્રી સહજ સ્વભાવ અને પુરુષ સહજ સ્વભાવ થી વિપરીત સમાધાન કારી વલણ અપનાવી ને સુખ દુઃખ ની ભાગીદારી તેમજ સહાનુભૂતિ પૂર્વક ચાલતી અવિરત સાહિત્ય ની ગંગા એટલે જ " NOG સાહિત્ય સરિતા ગ્રુપ -૧ "

એડમિન ટીમ : નિર્ણાયક મંડળ(જયશ્રી પટેલ,માયા દેસાઈ (સહયોગઃ વંદના વાણી,આરતી મરચંટ.અરુણા ત્રિવેદી)

પ્રતિભાવઃ વિભૂતિ દેસાઈ

સભ્ય શ્રી : જયકાંત્ ઘેલાણી

સભ્ય શ્રી : રતિભાઈ વાયડા

સભ્ય શ્રી : પ્રદીપ રાવલ(સંચાલક)

સભ્ય શ્રી : જીજ્ઞા કપૂરીયા(પૂર્વ સંચાલક)

સંચાલન સ્થળ : ગાંધીનગર

સંચાલક : પ્રદીપ રાવલ (તંત્રી/માલિક જન ફરિયાદ દેશ વિદેશ સાપ્તાહિક, ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક)

સંપર્ક : વોટસ અપ કોલીંગ

૦૦૯૧ ૯૮૨૪૬૫૩૦૭૩

Email : prdpraval42@gmail.com

Vidio/ગ્રાફિક્સ/એડિટર

સંચાલન : મીનાક્ષી રાવલ

---

ગ્રુપ ના સૌ સાથીઓ ને જણાવવાનું કે વીતેલા વર્ષ ની ખાટી મીઠી યાદો વિષયક ઇચ્છુક સર્જકો એ પોતાની રચના ગ્રુપ માં મૂકી સમયબદ્ધતા નું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી સાથસહકાર આપવા બદલ સંચાલક તરીકે અભિનંદન...

નવો વિષય ' એક સર્જક તરીકે આપનું અને ઓવરોલ સાહિત્યિક ૨૦૨૧ નું વર્ષ"

આપ એક સારા સર્જક તરીકે પ્રત્યેક વર્તુળ માં વિશેષ સાહિત્યિક સર્જક તરીકે પોતાની છાપ ઊભી કરી શકો અને અમારા જેવા તંત્રી/ગ્રુપ સંચાલક તમારા માટે બે બોલ લખી શકે તે માટે ખાસ ગ્રુપ ના એક સન્માનીય સાહિત્યિક સર્જક સભ્ય તરીકે આ વિષય ની પસંદગી નવા વર્ષ ના પ્રથમ સપ્તાહે કરી છે.આપની રચના પદ્ય.ગદ્ય.રચના ૩૦૦ થી ૩૫૦ શબ્દો માં બનાવી ગ્રુપ માં ૧૦/૧/૨૦૨૨ સોમવાર સાંજે છ વાગ્યા સુધી મુકવા વિનંતી છે..ગ્રુપ સભ્ય ફી ભરવા બાબતે,ગ્રુપ માં લેવાતા સમયસર ના નિર્ણયો બાબતે માત્ર સંચાલક જવાબદાર હોઈ આપ મને ક્યારેય પણ કંઇપણ પૂછી શકો છો,સલાહ સૂચન આપી શકો છો...કોઈપણ સર્જક ફી ભરવા ને પોતાની રીતે સક્ષમ ના લાગે અથવા કોઈપણ સુખ,દુઃખ ની મુશ્કેલી હોય તો મને જાણ કરી ફ્રી સભ્ય પદ રીન્યુ કરાવી શકે છે...ગ્રુપ ની કોઈપણ બાબતે સંચાલક સિવાય કોઈને પણ કસૂરવાર ના ઠેરવા વિનંતી..

**REMINDER TO ALL MEMBER**

NOG ગ્રુપ ના સૌ સભ્યો ને શુભ સવાર...ખ્રિસ્તી નવું અંગ્રેજી વર્ષ ના હેપી ન્યુ યર.....

ગ્રુપ ના કોઈપણ સભ્ય ને ગ્રુપ વિષયક કંઇપણ અંગત કહેવું હોય તો આપના સલાહ સૂચન મને અંગત વોટસ અપ માં મોકલી આપે.. એડમિન ટીમ ને પણ મોકલી આપવા ઘણા બધા સમય પહેલા મેં જણાવ્યું હતું.. એજી. ટીમ ના ગ્રુપ સંચાલન માં સલાહ સૂચન લેવામાં આવશે.કોઈપણ સભ્ય ના પણ સલાહ સૂચન ગ્રુપ હિત માં ધ્યાન માં લેવામાં આવશે જે માહિતી કોઈની સાથે ચર્ચા કરવામાં નહિ આવે અને ગુપ્તતા સંચાલક તરીકે જાળવવામાં આવશે..હાલમાં ગ્રુપ બાબતે કોમન વાત હું નીચે મૂકી રહ્યો છું.

NOG ગ્રુપ ના પૂર્વરત મેમ્બરો કે જેમણે એક વર્ષ ૩૧/૧૨/૨૦૨૧ ના રોજ પૂર્ણ થયું હોય તેમણે પોતાનો NOG નંબર નવા વર્ષ ની ઇજ.૫૦૦ ફી ૩૧/૦૧/૨૦૨૨ સુધીમાં ભરીને રીન્યુલ કરાવવાની રહેશે..ગ્રુપ શરૂવાત માં થયેલ મેમ્બર ને શરૂવાત ની ૨૦૦ રૂપિયા ફી દોઢ વર્ષ સુધી નું કંશેશન આપવામાં આવેલ જ્યારે સંચાલક તરીકે જીજ્ઞા કપૂરિયાં હતા.તેઓ દ્વારા સાહિત્ય સર્જક સભ્યો ની મેમ્બર શિપ લેવામાં આવેલ..હાલમાં તેઓ ગ્રુપ ના સિનિયર સભ્ય તરીકે ગણાશે અને પૂર્વ સંચાલક તરીકે તેમને ઉદબોધવામાં પણ આવશે.ત્યાર બાદ એડમિન ટીમ ની રચના કરી સાહિત્યિક અનુભવ અને ગ્રુપ સહયોગ ને ધ્યાનમાં લઈ સર્વે સભ્યો આદરભાવ થી જોઈ સલાહ સૂચન લઈ કઈક સાહિત્યિક શીખી શકે તે માટે એડમિન ટીમ અસ્તિત્વ માં આવી.ગ્રુપ માં કોઈપણ નિર્ણય લેતા પહેલાં તેમને જાણ કરી તેમના સલાહ સૂચન લેવામાં આવે છે અંતે ગ્રુપ હિત માં નિર્ણય કરી ગ્રુપ માં મુકવામાં આવે છે.

ગ્રુપ ના તમામ સભ્યો સાહિત્યિક નાના મોટા,નવા જૂના સર્જકો છે જેથી દરેક ના મનમતાંતર જુદા જુદા હોય તે સ્વાભાવિક છે.ઘણા ઉમરલાયક પણ છે જેથી તેમના મંતવ્યો તેમના અનુભવ આધીન પણ હોય..ગ્રુપમાં અંદરોઅંદર કોઈપણ દ્વેષભાવ કે હુંસાતુંસી રાખ્યા વિના ગ્રુપ ના સભ્ય તરીકે દરેક સભ્ય એ વર્તન કરવું..ગ્રુપ નો આખરી નિર્ણય દરેક ને સાંભળી ને અંતે સંચાલક તરીકે ગ્રુપ હિત માં મુકવામાં આવે છે.

ગ્રુપ માં કોઈપણ સ્પર્ધા કે ટ્રોફી એનાયત કે તે બાબતે ના નિર્ણાયક તરીકે ગ્રુપ એડમિન ટીમ નિર્ણય આખરી રાખવામાં આવે છે.જેમાં સંચાલક સહિત કોઈનો પણ હસ્તક્ષેપ હોતો નથી.

આવો નવા વર્ષ માં ખૂબ સુંદર રીતે ગ્રુપ માં આપવામાં આવેલ વિષય ઉપર રચનાઓ મૂકી ને NOG ગ્રુપ ની રચનાઓ ના ઈતિહાસ માં આપનું નામ સર્વોપરી આવે તેવો આગ્રહ રાખીએ..

ગ્રુપ ના કોઈપણ સભ્ય તેમના મન માં આવેલ ગ્રુપ વિષય મને કહી શકશે જેને સમયે ન્યાય આપવામાં આવશે..

વિડિયો રચના સ્વેચ્છાએ "જયશ્રી બેન પટેલ" ને મોકલવાથી વેબસાઈટ માં વિડિયો રચના મોકલે થી વિડિયો એડિટર મીનાક્ષી રાવલ દ્વારા મૂકવામાં આવશે..

સંચાલક : પ્રદીપ રાવલ

વોટસ અપ કોલિંગ નંબર : ૯૮૨૪૬૫૩૦૭૩

Paytm No Google pay,UPI No: 9824653073@UPI

Bank details:

Gandhinagar Nagrik co.op Bank. Ltd.Plot : 391,sector - 16.Gandhinagar.pincode : 3820016

Name of Account:-

"News of Gandhinagar"

Account No :- 118321112005816

IFCI code :-. HDFCOCGNCBL

નોધઃ ગ્રુપ ના કોઈપણ સભ્ય બીજા કોઈપણ ગ્રુપ ની જવાબદારી સંભાળતા હોય અને અનેકો જગ્યાએ સભ્ય હોય તેમની રચના મૂકતા હોય જેની સામે NOG એડમિન ટીમ ને કોઈપણ વાંધો હોઈ શકે નહિ..માત્ર NOG ગ્રુપ નીતિ નિયમો અનુસાર ગ્રુપ માં રહેવું ફરજિયાત...

ગ્રુપ માં કોઈપણ સભ્ય ગ્રુપ માંથી અંગત કારણોસર લેફ્ટ થઈ સભ્ય તરીકે અખબાર અને ગ્રુપ પ્રસિદ્ધિ માટે મને પર્સનલ માં પોતાની રચના મોકલી શકશે..

NRI સાહિત્ય સર્જકો નું અન્ય સભ્યો ની જેમ જ ગ્રુપ માં માન જાળવવું જરૂરી..

તેઓ કાયમ માટે અતિથિ તરીકે ગ્રુપ માં સભ્ય બની ગ્રુપ માં કે બહાર થી રહી શકશે.

ગ્રુપ માં સભ્ય તરીકે લેવાતી ફી નો ઉપયોગ ગ્રુપ સંચાલન પ્રવૃત્તિઓ પાછળ ખર્ચ કરવામાં આવે છે જેની ખાસ દરેક સભ્ય એ નોધ લેવી..ગ્રુપ માં મુકવામાં આવતી તમામ રચનાઓ NOG સાહિત્ય સરિતા ગ્રુપ ની રચનાઓ તરીકે જન ફરિયાદ અને ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક માં તંત્રી ના નીતિ નિયમો અનુસાર પ્રસિદ્ધ કરવામાં આવશે.

કોઈપણ તકરાર નું કાયમી સ્થળ ગાંધીનગર રહેશે. સાહિત્યિક નીતિ,કોપિરાઇટ બાબતે ના તમામ સાહિત્યિક નિયમો નિર્ણાયક મંડળ આધીન રહેશે..

સંચાલકઃ એડમિન ટીમ..વતી....

.GANDHINAGAR

સંચાલક : પ્રદીપ રાવલ

---

**NOG SS NO : 0002**

વિષય - સાહિત્યિક સફર

શીર્ષકઃ મારી સાહિત્યની સફર

ખરેખર મિત્રો, સાહિત્યની સેવા એટલે માતા સરસ્વતીની પૂજા આરાધના .

જ્યારે કોઈ લેખકનું સન્માન અને અપમાન થાય છે તો એ માતા સરસ્વતીનું જ હોય છે કારણ કોઈ લેખક અને કવિ ત્યારે જ બને જ્યારે એની પાછળ માતા સરસ્વતી ઊભાં હોય છે . મારા મત પ્રમાણે માતા સરસ્વતીની ઉપાસના કરો તો તમારી કલમથી ક્યારે શબ્દ કંડારાય જશે એની ખબર પડતી જ નથી .આ મારો પોતાનો અનુભવ છે રહી વાત ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિકની તો મેં જ્યારે પહેલો આર્ટિકલ લખ્યો એની પ્રસિદ્ધિ પ્રદીપભાઈએ જ કરી હતી એટલે મારી આત્માની સૌથી નજીક આ પેપર નહીં પણ મારા માટે તો ભગવત ગીતા જેવુ પ્રવિત્ર ગ્રંથ છે.મેં જ્યારે આ દ્રર પરિવારની શરૂઆત કરી ત્યારે ધાર્યા કરતાં વધારે લેખકો મારા એક જ અવાજે જોડાય ગયાં એનો આનંદ છે એમને ભાષાંકીય જ્ઞાન પણ મેં અને જયશ્રી દાદીએ આપ્યુ હતું પણ અફસોસ હજી પણ રચનામાં ભૂલો નજરે પડે તો દુઃખ થાય છે ભલે હું મારા પોતિકા પરિવારથી દૂર રહી પણ આપ સૌની રચના જોઈને ખુશ થતી અને મનમાં સંતોષ પણ હતો કે પ્રદીપભાઈ જે મારા પિતા સમાન છે એમણે સરસ સંચાલન કરીને આ પરિવાર રૂપી માળાને ધાંગો બનીને સુંદર રીતે શણગારીને આજે અહી સુધી આપણે સાથે મળીને આવ્યા છે હજી આગળ પણ સાથ અને સહકારથી જ આગળ વધીશું એવી આ નિયતીની અનેકો શુભેચ્છા

જીજ્ઞા કપુરિયા "નિયતી"

## મિત્રતા

મનડા સાથે મનમેળ કરીને નિભાવીશું મિત્રતા,
સંબંધોને ધમરોળીને નિભાવીશું મિત્રતા...
આજે ભલે જવાબદારી અને પળોજણમાં અટવાયા આપણે,
સમય કે સંજોગોને માન આપી નિભાવીશું મિત્રતા..
આજે ભલે ક્યારેક ગમતું અણગમતું છોડ્યું આપણે,
માનસિક સંતુષ્ટિ આપીને નિભાવીશું મિત્રતા...
આજે ભલે દૂર રહ્યા એકબીજાથી આપણે,
હાકલ પડે હાજર રહીને નિભાવીશું મિત્રતા...
આજે ભલે પૈસા કમાવવાની હોડમાં મથ્યા આપણે,
તારાં રહસ્યને અકબંધ તિજોરીમાં રાખીને નિબાવીશું મિત્રતા...
આજે ભલે
એકલપંથે જગજીતવા નીકળ્યા આપણે,
તારી ઢાલ બનીને આગળ થઈને નિભાવીશું મિત્રતા....

ખરેખર મિત્રો, એજ તમારો સાચો મિત્ર છે જે મૂશળધાર વરસાદમાં પણ તમારી આંખમાં આવેલ આંસુને ઓળખી જાય અને સંકટ સમયે ખરી કસોટીમાંથી પાર ઉતરે એ જ તમારો સાચો મિત્ર..



જીજ્ઞા કપુરિયા 'નિયતી

## " મારૂ ગૌ ધન મારૂ ગૌરવ " વિષય પર વક્તવ્ય આપશે ડો. વલ્લભભાઈ કથીરિયા.

કામધેનુ સેવા સમિતિ બગસરા દ્વારા તા.૦૮/૦૧/૨૦૨૨, શનિવારના રોજ બપોરના ૦૩:૦૦ કલાકે સતવારા સમાજ વાડી, બગસરા ખાતે રાષ્ટ્રીય કામધેનુ આયોગ ના પૂર્વ ચેરમેન અને પૂર્વ કેન્દ્રિય મંત્રી ડો. વલ્લભભાઈ કથીરિયાની અધ્યક્ષતામાં " મારૂ ગૌ ધન મારૂ ગૌરવ " વિષય પર સેમિનાર નું આયોજન કરવામાં આવેલ છે. ઈફકો અને એન.સી.યુ.આઈ. ના ચેરમેન અને ગુજરાત રાજ્ય ના પૂર્વ મંત્રી માન. શ્રી દિલીપભાઈ સંઘાણી ઉદઘાટક તેમજ અમરેલી જીલ્લાના સાંસદ માન.શ્રી નારણભાઈ કાછડીયા, ધારી- બગસરા ના ધારાસભ્ય માન.શ્રી જે.વી.કાકડીયા, અમરેલી જીલ્લાના ભાજપ પ્રમુખ માન. શ્રી કૌશીકભાઈ વેકરીયા અને ગાય આધારિત ખેતી ના પ્રણેતા એવા માન. શ્રી પ્રફુલભાઈ સેંજલીયા મુખ્ય અતિથી વિશેષ પદે ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે સ્વામિનારાયણ મંદિર, બગસરા ના પૂજ્ય વિવેક સ્વરૂપ સ્વામી આર્શીવચન આપશે. આ સેમિનાર માં "ગાય આધારિત કૃષિ", ગૌ સેવાના વિવિધ આયામો જેમકે સમગ્ર ભારતમાં નિઃસહાય (રખડતી) ગાયો, પશુઓનો પ્રશ્ન વિકટ બન્યો છે. આ સમસ્યાના સમાધાન માટે દેશના દરેક તાલુકામાં ગૌ અભ્યારણ્ય, ગૌ આશ્રય ધામ, ગૌશાળા જેવા નામોથી અને સરકારના વિવિધ વિભાગો અને યોજનાઓનું સમન્વય કરી તેમજ સામાજીક, સેવાભાવી, ધાર્મિક સંસ્થાઓને સાથે લઈને પી.પી.પી. મોડલ, જનભાગીદારીનાં માધ્યમથી ગૌધામનું નિર્માણ સ્થાનીક સ્તરે જ કરવામાં આવે. જયાં સ્થાનીક મહિલાઓ,

યુવાનો જોડાય અને રોજગારી પ્રાપ્ત કરે. તેમજ ગૌમૂત્ર, ગોબરના વેંચાણ થકી આવક પણ મેળવે અને સાથોસાથ આ ગૌશાળા પણ લાંબા ગાળે સ્વાવલંબી બને. વધુમાં આ ગૌધામમાં આશરો અપાયેલ રખડતી ગાયોને પુરતા પ્રમાણમાં આરોગ્યવર્ધક ખોરાક, સારવાર આપીને ફરીથી તેમને તંદુરસ્ત બનાવવામાં આવે અને જયારે અને જે ગાયો તંદુરસ્ત બને તેમને ફરીથી કૃષિ, પશુપાલન વિગેરે કાર્ય માટે સમાજને ભેટ આપવામાં આવે. આવા કેન્દ્રોમાં સારી નસ્લના ધણખુંટ પણ પ્રાપ્ત થાય. તેમજ ગાય ના ગોબર અને ગૌ મૂત્રમાથી બનવામાં આવતું જીવામૃત, ખાતર વગેરે ખેડૂતો પોતાના ખેતરમાં ઉપયોગ કરે અને ગાયના પંચગવ્યોમાંથી બનાવવામાં આવેલ ૩૦૦ થી વધારે ગૌ પ્રોડક્ટ્સ જેવી કે, મૂર્તિઓ , સ્વસ્તિક ચિન્હ, સમરાની કપ, પેપર વેટ, હવન સામગ્રી વગેરે તૈયાર કરવામાં આવે છે. આ ગૌ ઉત્પાદનોને વેચી અને આર્થિક પગભર બની પ્રધાનમંત્રીશ્રીના 'આત્મ નિર્ભર' ભારત અને ×મેઈક ઈન ઈન્ડિયા× આંદોલનને વેગ મળે, તે પ્રકારની વ્યવસ્થા ઉભી કરવામાં આવે તેવી અનેક બાબતો પર વિગતવાર ચર્ચા કરવામાં આવશે.

# પ્રાચીન વૈદિક સૈદ્ધાંતિક જ્ઞાન

અનુસંધાન પેજ ૨ નું ચાલુ

પ્ર. ૮૩. મન ઉપર નિયંત્રણ કેવી રીતે થાય છે ?

ઉત્તર : મન ઉપર આધ્યાત્મિક શુદ્ધ જ્ઞાનનો પ્રયોગ કરવાથી નિયંત્રણ કરી શકાય છે.

પ્ર. ૮૪. આધ્યાત્મિક શુદ્ધ જ્ઞાન કેવી રીતે ઉત્પન્ન કરી શકાય છે ?

ઉત્તર : આ વિચાર કરીને કે હું એક ચેતન તત્ત્વ છું અને મન, ઈન્દ્રિય અને શરીરનો સ્વામી છું. શરીર, મન, ઈન્દ્રિયો જડ છે. મારી ઈચ્છા અને પ્રયત્ન વગર શરીર, મન, ઈન્દ્રિયો પોતાની મેળે કોઈ પણ કામ નથી કરી શકતાં. હું મારી ઈચ્છાથી જે કામને કરવા ચાહું તે કરીશ, જે કામને નહિ કરવા ચાહું તે કામ નહિ કરું. હું જે વિચારને મારા મનમાં ઉત્પન્ન કરવા ચાહીશ તેને કરીશ અને જે વિચારને ઉત્પન્ન નહિ કરવા ચાહું તેને નહિ કરુ, આવો દઢ નિશ્ચય કરીને મન, વાણી અને શરીરથી સાવધાની અને સજાગતા સાથે વ્યવહાર કરવાથી આધ્યાત્મિક શુદ્ધ જ્ઞાન વધતું જાય છે.

પ્ર. ૮૫. કામોમાં સફળતાના કયા ઉપાય છે ?

ઉત્તર : કામોમાં સફળતાના નિમ્ન ઉપાય છે. (૧) કામ કરવાની તીવ્ર ઈચ્છા, (૨) કામને પુરુ કરવા માટે પૂરતા સાધનોનો સંગ્રહ, (૩) કામને સરળતાથી, ઝડપથી અને ખૂબ જ સારી રીતે કરવાની યોગ્ય જાણકારી, (૪) કાર્યને પૂરા થતા સુધી પૂરો પુરુષાર્થ કરતા રહેવું, (૫) કામ કરતી વખતે વચ્ચે આવનારાં વિઘ્નો, કષ્ટ, અભાવ, વિરોધ, પ્રતિકૂળતાઓ વગેરેને પ્રસન્નતા પૂર્વક સહન કરવા, હતાશા-નિરાશ, ઉદાસ ન થવું, (૬) ઈશ્વર પાસે કાર્ય સફળતા માટે જ્ઞાન, બળ, સાહસ, ઉત્સાહ, પરાક્રમ વગેરેની પ્રાપ્તિ માટે પ્રાર્થના કરવી.

પ્ર. ૮૬. કોઈ પુસ્તક ઈશ્વર પ્રદત્ત છે તેનું શું પ્રમાણ છે ?

ઉત્તર : કોઈ પુસ્તક ઈશ્વરીય છે, તેનું નિમ્ન પ્રમાણ છે.

(૧) જે સૃષ્ટિની શરૂઆતમાં જ બની હોય. (૨) જેમાં વિજ્ઞાન વિરુદ્ધની વાતો ન હોય. (૩) જેમાં મનુષ્યોનો ઈતિહાસ ન હોય. (૪) જેમાં પરસ્પર વિરોધ ન હોય. (૫) જેમાં અંધવિશ્વાસ, પાખંડ, અજ્ઞાનયુક્ત, અપ્રમાણિક વાતોનું વર્ણન ન હોય. (૬) જેમાં મનુષ્યોની સર્વોત્કૃષ્ટ ઉન્નતિ માટે બધા જ પ્રકારના વિષયોનું વર્ણન કરવામાં આવ્યું હોય. (૭) જેમાં સૃષ્ટિના પ્રત્યક્ષ નિયમોની વિરુદ્ધ સિદ્ધાંતોનું વર્ણન ન હોય. (૮) જેવા પ્રકારના ગુણ-કર્મ સ્વભાવ વાળો ઈશ્વર છે અથવા હોવો જોઈએ તેવા જ ગુણોનું વર્ણન પુસ્તકમાં કરવામાં આવેલ હોય, (૯) જેમાં પક્ષપાત રહિત સમાનરૂપેથી બધા જ મનુષ્યો માટે વિધિ-વિધાન, નિયમ અનુશાસનનું વિધાન કરવામાં આવેલ હોય, (૧૦) જે કોઈ દેશો વિશેષના મનુષ્યો, જાતિ, મત, પંથ, સંપ્રદાય માટે ન હોય પરંતુ સાર્વજનિક, સાર્વભૌમિક, સાર્વકાલિક હોય. (૧૧) જે કોઈ મનુષ્યની બનાવેલી ભાષામાં ન હોય,

પ્ર. ૮૭. મનુષ્ય જીવનની અસફળતાનાં લક્ષણો કયાં છે ?

ઉત્તર : જે મનુષ્યના જીવનમાં સુખ, શાન્તિ, સન્તોષ, તૃપ્તિ, નિર્ભીકતા,સ્વતંત્રતા નથી હોતા તે જીવન અસફળ હોય છે. પછી ભલેને તેની પાસે ધન, સમ્પત્તિ, રૂપ, બળ, વિદ્યા, પ્રતિષ્ઠા, સમ્માન,

યશ, કીર્તિ વગેરે કેમ ન હોય.

પ્ર. ૮૮. મનુષ્ય જીવનની સફળતાનાં લક્ષણો કયાં છે?

ઉત્તર : જે મનુષ્યના જીવનમાં સુખ, શાન્તિ, સંતોષ, તૃપ્તિ, નિર્ભિક્તા, સ્વતંત્રતા હોય છે તે જીવન સફળ હોય છે. પછી ભલેને તેની પાસે ધન, સમ્પત્તિ, રૂપ, બળ, વિદ્યા, પ્રતિષ્ઠા, સમ્માન, યશ,

કીર્તિ થોડી હોય કે ન પણ હોય તોય તેનું જીવન સફળ થાય છે.

પ્ર. ૮૯. 'યજ્ઞ' શબ્દનો અર્થ શું છે ?

ઉત્તર : 'યજ્ઞ' શબ્દનો અર્થ 'હવન' (અગ્નિહોત્ર) પણ થાય છે. દાન, ત્યાગ, શ્રેષ્ઠ કામોને પૂર્ણ પુરુષાર્થ સાથે નિષ્કામ ભાવથી કરવું. હવન

(અગ્નિહોત્ર) પણ યજ્ઞ શબ્દનો અર્થ થાય છે.

પ્ર. ૯૦. કેવા પ્રકારનું જીવન જીવવાથી મનુષ્યને વધારેમાં વધારે સુખની પ્રાપ્તિ થાય છે ?

ઉત્તર : નીચે બતાવ્યા પ્રમાણે જીવન જીવવાથી મનુષ્યને વધારેમાં વધારે સુખની પ્રાપ્તિ થઈ શકે છે - આદર્શ દિનચર્યા, પ્રાતઃ જાગરણ, ભ્રમણ, વ્યાયામ, સ્નાન, યજ્ઞ, ઈશ્વરનું ધ્યાન, ઉત્તમ પુસ્તકોનો સ્વાધ્યાય, સત્યનું પાલન, રાગ-દ્વેષ રહિત વ્યવહાર, બીજાના ધન અને અધિકારોને અનુચિત રીતે ગ્રહણ ન કરવાની ઈચ્છા, પરોપકાર, સમાજ રાષ્ટ્રની ઉન્નતિ માટે સંગઠન, ત્યાગ, સેવા, બલિદાનની ભાવના, મનમાં ઉત્તમ કાર્યો કરવા અને ખરાબ કામોને ન કરવાનો દઢ સંકલ્પ, સાત્વિક ભોજન, મધુર વ્યવહાર, આત્મનિરીક્ષણ, મહાપુરુષો-વિદ્વાનોનો સત્સંગ, સંયમ, ત્યાગ, તપસ્યા વગેરે ગુણ-કર્મ-સ્વભાવને ધારણ કરવાથી જીવનમાં વધારેમાં વધારે સુખની પ્રાપ્તિ થઈ શકે છે.

પ્ર. ૯૧. રાષ્ટ્ર/ વિશ્વની ઉન્નતિના કયા વૈદિક ઉપાય છે ?

ઉત્તર : રાષ્ટ્ર વિશ્વની ઉન્નતિના વેદિક ઉપાય નીચે પ્રમાણે છે.

સંપૂર્ણ વિશ્વના લોકો જયારે એક ઈશ્વરને માનશે, તેમની ભાષા એક હશે, ધર્મ એક હશે, સંવિધાન એક હશે, શિક્ષણ એક, આચાર-વિચાર એક, ન્યાય અને રાજનીતિ એક પ્રકારની હશે, હાનિ અને લાભ એક

સમાન હશે, ત્યારે સંપૂર્ણ રાષ્ટ્ર અને વિશ્વની ઉન્નતિ થઈ શકશે.

પ્ર. ૯૨. સંપૂર્ણ રાષ્ટ્ર અને વિશ્વમાં એકતા કેવી રીતે સ્થાપિત થઈ શકશે?

ઉત્તર : સંપૂર્ણ રાષ્ટ્ર અને વિશ્વમાં એકતા ત્યારે જ સ્થાપી શકાય જયારે

(૧) બધા જ મનુષ્યોનું લક્ષ્ય એક હોય, (૨) તે લક્ષ્યને પ્રાપ્ત કરવાનો માર્ગ એક હોય, (૩) તે લક્ષ્યને પ્રાપ્ત કરવાના સાધન એક હોય, (૪) તે માર્ગ પર ચાલવાની વિધિ/સિદ્ધાન્ત એક હોય

અને તેનો ઉપાય ઈશ્વરીય જ્ઞાન ફક્ત વેદ જ હોય.

પ્ર. ૯૩. જીવનને ઝડપથી અને સરળતાથી ભૌતિક સાધનો વગર ઉન્નત કરવાના આધ્યાત્મિક ઉપાય કયા છે ?

ઉત્તર : જીવનને ઝડપથી અને સરળતાથી ભૌતિક સાધનો વગર ઉન્નત

કરવાનો આધ્યાત્મિક ઉપાય છે આત્મનિરીક્ષણ.રાત્રિના સમયે નિદ્રાને આધીન થયા પહેલાં અથવા દિવસમાં ગમે ત્યારે પણ મનુષ્ય શાન્ત, એકાન્ત સ્થાન ઉપર બેસીને એકાગ્રતાથી પોતાના જીવનના ક્રિયા-વ્યવહારોનું સૂક્ષ્મતાથી પરીક્ષણ કરી અને જાણવાનો પ્રયત્ન કરવો જોઈએ કે મારા જીવનમાં કઈ બુરાઈઓ છે, ક્યા દોષ છે, કેટલી ભૂલો છે, હું કઈ ભૂલો કરું છું, તથા કયા કાર્યો કરવાના હતા જે નથી કર્યા, કયા કાર્યોને કરી નાખ્યા જે નહોતા કરવાના, ક્યા કાર્યોમાં ઓછો સમય લગાવવાનો હતો અને વધારે સમય લાગી ગયો, કયા કાર્યોમાં વધારે સમય લગાવવાનો હતો અને ઓછો સમય લગાડ્યો. કયા કાર્યો મુખ્ય હતા જેને સામાન્ય માન્યા, કયા કાર્યો સામાન્ય હતા જેને મુખ્ય માન્યા વગેરે, ખામીઓને જાણી તેને જીવનની ઉન્નતિમાં બાધક માની તેને સંપૂર્ણ રીતે દૂર કરવાની પ્રતિજ્ઞા કરવી અને મનમાં દઢ સંકલ્પ કરવો કે ભવિષ્યમાં તે ભૂલોને ફરી કરવામાં નહિ આવે. સાથે-સાથે દિવસભરના વ્યવહાર કરતી વખતે મન, વાણી અને શરીરથી સતર્ક અને સાવધાન રહેવું. ઈશ્વર પાસેથી પણ પ્રતિદિન જીવનને ઉન્નત કરવા માટે આત્મિક બળ, જ્ઞાન-વિજ્ઞાન, ધર્મ, સહિષ્ણુતા વગેરે ગુણોની પ્રાપ્તિ માટે પ્રાર્થના કરતા રહેવું. આવા ઉપાયોથી સામાન્ય મનુષ્યનું જીવન સરળતાથી અને ઝડપથી શ્રેષ્ઠ બની શકે છે.

પ્ર. ૯૪. શું પુનર્જન્મ થાય છે ? તેનું શું પ્રમાણ છે ?

ઉત્તર : પુનર્જન્મ થાય છે, તેના નિમ્ન પ્રમાણ છે.

(૧) જન્મતાંની સાથે જ મનુષ્ય-પશુ વગેરેના બચ્ચાં દૂધ પીએ છે. (૨) ચાર-છ માસના બાળકનું માના ખોળામાં આંખ બંધ કરેલી સ્થિતિમાં અથવા સૂતેલી સ્થિતિમાં ક્યારેક પ્રસન્ન થવું, ક્યારેક ભયભીત થવું. (૩) સંસારમાં ઉંચી નીચી યોનિઓ. (૪) । બાલ્ય અવસ્થામાં બૌદ્ધિક સ્તરનો ફરક જોઈને આ અનુમાન થાય છે કે જીવાત્માનો પુનઃ જન્મ થાય છે.

પ્ર. ૯૫. સમાજમાં લોકોની સાથે વ્યવહાર કેવી રીતે કરવો જોઈએ ?

ઉત્તર : સમાજમાં ચાર પ્રકારના વ્યક્તિ હોય છે. જેની સાથે ચાર પ્રકારના વ્યવહાર કરવા જોઈએ. (૧) જે વ્યક્તિ ધન વગેરેથી સુખી અને સમૃદ્ધ હોય તેની સાથે મિત્રતા રાખવી જોઈએ. (૨) જે વ્યક્તિ ધન વગેરેથી નિર્ધન દુઃખી હોય તેના ઉપર દયા કરી તેનો યથાશક્તિ સહયોગ કરવો જોઈએ. (૩) જે વ્યક્તિ ત્યાગી, તપસ્વી, સેવાભાવી હોય તેને જોઈને મનમાં પ્રસન્ન થવું જોઈએ અને તેનો આદર-સત્કાર કરવો જોઈએ. (૪) જે વ્યક્તિ દુષ્ટ હોય તેની ઉપેક્ષા કરવી જોઈએ એટલે કે ન તો, તેના પ્રતિ દ્વેષ કરવો કે ન તો પ્રેમ કરવો.

પ્ર. ૯૬. મર્યા પછી કેટલા સમયમાં મનુષ્ય નવો જન્મ લે છે ?

ઉત્તર : તરત જ થોડા જ સમયમાં નવો જન્મ લઈ લે છે.

પ્ર. ૯૭. મર્યા પછી મનુષ્યને કયો જન્મ મળે છે ?

ઉત્તર : મર્યા પછી અડધા (૫૦%) અથવા અડધાથી વધારે સારા કર્મો હોય, તો મનુષ્ય જન્મ મળે છે અને અડધાથી વધારે ખરાબ કર્મો હોય તો પશુ-પક્ષી, કીટ, પતંગ વગેરે જન્મ મળે છે.

પ્ર. ૯૮. શું મનુષ્યની આયુ નિશ્ચિત છે ?

ઉત્તર : મનુષ્યની આયુ નિશ્ચિત નથી. આયુને ઓછી-વત્તી કરી શકાય છે.

પ્ર. ૯૯. આયુષ્યને વધારવાના કયા ઉપાય છે?

ઉત્તર : આયુષ્યને વધારવાના નીચે પ્રમાણેના ઉપાય છે. સાત્વિક ભોજન, નિયમિત દિનચર્યા, બ્રહ્મચર્યનું પાલન, પૂરી ઊંઘ, વ્યાયામ, સારાં પુસ્તકોનું વાંચન, સત્સંગ, વિદ્વાનોનું અને શ્રેષ્ઠ મનુષ્યોની સાથે મિત્રતા, ઈશ્વર ઉપર શ્રદ્ધા અને વિશ્વાસ, સજાગતા, સાવધાની, શાન્તિ, પ્રસન્નતા, ધૈર્ય, દયા, ક્ષમા વગેરેનો પ્રયોગ. આ ઉપાયોથી મનુષ્ય પોતાનું આયુષ્ય વધારી શકે છે.

પ્ર.૧૦૦. મનુષ્ય અલ્પઆયુમાં/જલદી/અકાળે કેમ મૃત્યુ પામે છે?

ઉત્તર : તામસિક ભોજન, અનિયમિત દિનચર્યા, અસંયમ, વ્યભિચાર, વધારે જાગવું, સ્વાધ્યાય સત્સંગ ન કરવો, ખરાબ વ્યક્તિઓ સાથે મિત્રતા, નાસ્તિકતા, અસાવધાની, ક્રૂરતા, અશાન્તિ, ચિન્તા, શોક, ભય, રોગ વગેરેથી મનુષ્યની શારીરિક, માનસિક શક્તિ ક્ષીણ થઈ જાય છે અને તે અલ્પઆયુમાં અકાળ મૃત્યુને પ્રાપ્ત કરે છે.

પ્ર.૧૦૧. મનુષ્યનું સામાજિક-રાષ્ટ્રીય કર્તવ્ય શું છે?

ઉત્તર : મનુષ્ય પોતાની વ્યક્તિગત અને પારિવારિક ઉન્નતિની સાથે સમાજ અને રાષ્ટ્રના લોકોમાં રહેલા અજ્ઞાન, અન્યાય અને અભાવને દૂર કરવા માટે તન-મન-ધનથી પૂર્ણ પ્રયાસ કરતા રહેવું જોઈએ. કારણ કે સમાજ-રાષ્ટ્રના બધા જ વ્યક્તિઓના ઉન્નત થયા વગર કોઈપણ વ્યક્તિ અથવા પરિવાર પૂર્ણ રૂપે સુખ, શાન્તિ, સુરક્ષા, નિશ્ચિન્તતા, નિર્ભિક્તા વગેરે પ્રાપ્ત કરી શકતા નથી. એટલા માટે સમાજ, રાષ્ટ્રની ઉન્નતિ માટે સંગઠિત થઈને, સંસ્થા બનાવી સાર્વજનિક કલ્યાણના કાર્યોને પણ ત્યાગ, તપસ્યા સાથે કરવા જોઈએ.

જય પરશુરામ

હર હર મહાદેવ

## અમદાવાદની સાયન્સ સિટી ખાતે આજથી

## ઇન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઇન્સ્ટિટ્યુશનનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ તેમજ કેન્દ્રિય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાનની પ્રેરક ઉપસ્થિતિમાં પ્રારંભ થશે

અમદાવાદની સાયન્સ સિટી ખાતે આજથી ઇન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઇન્સ્ટિટ્યુશન (ૈંઝછૈ-૨૦૨૨)નો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ તેમજ કેન્દ્રિય શિક્ષણ અને કૌશલ્ય વિકાસ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાનની પ્રેરક ઉપસ્થિતિમાં પ્રારંભ થશે.

આ કોન્ફરન્સમાં કેન્દ્રિય રાજયમંત્રી સર્વ શ્રી રાજીવ ચંદ્રશેખર, શ્રીમતી અન્નપૂર્ણાદેવી, ડો.સુભાષ સરકાર, ડો. રાજકુમાર રંજનસિંધ તેમજ ગુજરાત રાજયના શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી, રાજયકક્ષાના મંત્રી સર્વ શ્રી બ્રિજેશકુમાર મેરજા, ડો. કુબેરભાઇ ડિંડોર, શ્રી કિરિટસિંહ વાઘેલા ઉપસ્થિત રહેશે.

ભારત સરકાર તેમજ રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ તેમજ શ્રમ અને કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના સહયોગથી આ બે દિવસની આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ કોન્ફરન્સ ભારતની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૨૦૨૦ની ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ પરની અસર અને પરિવર્તનમાં ભૂમિકા અંગે શિક્ષણવિદો, સંશોધકો અને વિદ્યાર્થીઓને મનોમંથન માટેનું પ્લેટફોર્મ પૂરું પાડશે.

આ કોન્ફરસમાં કેનેડા, નોર્વે, ઓસ્ટ્રેલિયા, ફ્રાન્સ તેમજ યુ.કે કન્ટ્રી પાર્ટનર તરીકે જોડાયા છે. બ્રિટિશ કાઉન્સિલ, ઓસ્ટ્રેલિયા ઇન્ડિયા બિઝનેસ એક્સચેન્જ, ઇન્ટરનેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ એજ્યુકેશન ક્યુ.એસ જેવી સંસ્થાઓ પણ આંતરરાષ્ટ્રીય પાર્ટનર તરીકે જોડાઇ રહ્યા છે.

આ કૉન્ફરન્સમાં નીતિ આયોગ, સ્કીલ ઈન્ડિયા, નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન, યુનિવર્સિટી ગ્રાંટ કમિશન, ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન, નેશનલ કાઉન્સિલ ફોર એજ્યુકેશન એન્ડ રિસર્ચ, નેશનલ બૉર્ડ ઓફ ઍક્રેડિટેશન સહિતની સંસ્થાઓ પણ સહભાગી થશે.આ કોન્ફરન્સમાં પ્રથમ દિવસે એટલે કે ૫ જાન્યુઆરીએ મલ્ટી ડિસિપ્લિનરી એન્ડ હોલિસ્ટિક એજ્યુકેશન અને ઈન્ટરનેઝનલાઈઝેશન ઓફ એજ્યુકેશન પર પેનલ ડિસ્કશન યોજાશે. તેમજ સ્કીલ એન્હાન્સમેન્ટ એન્ડ એન્ટરપ્રિન્યોરશિપ પર સેશનનું પણ આયોજન કરવામાં આવ્યું છે.અહીં ભારતભરના વાઈસ ચાન્સેલર દ્વારા નમૂનારૂપ કામગીરી અંગેના તેમના અનુભવો પણ રજૂ કરશે. સર્વસમાવેશી શિક્ષણ અંગે ભારત માટેના રોડમેપ અંગેનું સૅશન પણ યોજાશે. વળી અહી ક્વોલીટી એસ્યોરન્સ ઈન એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન, ગ્લોબલ રેન્કિંગ તથા રિસર્ચ એન્ડ ઈનોવેશન જેવા વિષય પર પણ મનોમંથન પણ થશે.

જ્યારે બીજા દિવસે એટલે કે ૬ જાન્યુઆરીના રોજ કોવીડ-૧૯ની શાળાકીય શિક્ષણ પરની અસર અને પડકાર તેમજ ઉકેલ અને ઈન્ડિયન નોલેજ સિસ્ટમ સૅશન યોજાશે. આ ઉપરાંત વિશ્વ કક્ષાની યુનિવર્સિટી માટે વાઈસ ચાન્સેલર્સ કોક્લેવ તેમજ સ્કીલ ડેવલપમેન્ટ અને એમ્પ્લોયેબિલિટી જેવા વિષયો પર પણ સૅશન આયોજિત કરવામાં આવ્યા છે. એટલું જ નહીં, કૉન્ફરન્સમાં સંસ્કૃત ભાષા અંગેનું પણ અલાયદું સૅશન યોજાશે.

## ચાણસ્મા ફૂટવેર એસોસિએશન દ્વારા ૧૨% જી.એસ.ટી નો કરવામાં આવ્યો વિરોધ




આજરોજ તારીખ ૪ ૧ ૨૦૨૨ના દિવસે ચાણસ્મા ખાતે ફુટવેર ઉપર લગાવેલો ૧૨% જી.એસ.ટી નો વિરોધ કરવામાં આવ્યો હતો જેમાં ચાણસ્માના ફુટવેર ના તમામ વેપારીઓએ દુકાનો બંધ રાખી હતી અને ત્યાર બાદ રેલી સ્વરૂપે જઈને ચાણસ્મા મામલતદાર શ્રી ને ૧૨% જી.એસ.ટી ફુટવેર ઉપરથી દુર કરીને જૂનો ૫% ટકા જીએસટી ચાલુ રાખવામાં આવે એવી માગણી કરતું મામલતદાર શ્રી ને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું વેપારીઓના જણાવ્યા પ્રમાણે કોરોના કાળની અંદર વેપારીઓના ધંધા રોજગાર ખોવાઈ ગયા છે અને એના ઉપર સરકાર ની જોહુકમી જેવો જીએસટી માં વધારો કરીને ધંધા-રોજગાર પડી ભાંગવાના આરે લાવી દેવા હોય એવું લાગી રહ્યું છે બુટ ચપ્પલ જેવી વસ્તુ કાયમી ઉપયોગથી હોવાના કારણે ૧૨% જી.એસ.ટી દૂર કરવો જરૂરી છે એવી વેપારીઓની માગણી છે અને જૂનો ૫% જીએસટી ચાલુ રાખવા માગણી કરી હતી

રીપોટર. નિખિલ જોશી પાટણ

## અમદાવાદ જિલ્લામાં ૧૫ થી ૧૮ વર્ષના કિશોરો માટેના રસીકરણનો પ્રારંભ




સમગ્ર દેશમાં કોરોનાને ઝડપથી નિયંત્રણમાં લાવવા અને કોરોના સામે યુવાનો, વૃધ્ધો સહિત બાળકોને પણ સુરક્ષા પ્રદાન કરવાના ઉદ્દેશથી સમગ્ર રાજ્યમાં તારીખ ૩ જાન્યુઆરી ૨૦૨૨ થી ૧૫ થી ૧૮ વર્ષના બાળકોને કોરોના વેકિસન આપવાના અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના શાંતિપુરા અને મોરૈયા ખાતે આજરોજ જિલ્લા કલેક્ટર શ્રી સંદીપ સાગલે તથા જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનિલભાઈ ધામેલીયાએ ખાસ ઉપસ્થિત રહીને બાળકો- વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું અને તેમની સાથે સંવાદ સાધ્યો હતો.

જિલ્લા કલેક્ટર શ્રી સંદીપ સાગલે આ પ્રસંગે જણાવ્યું હતું કે સમગ્ર દેશમાં ૧૫ થી ૧૮ વર્ષ ના બાળકોનુ રસીકરણ ઝડપથી પૂર્ણ થાય તે માટે ભારત સરકાર દ્વારા રસીકરણની ઝૂંબેશ હાથ ધરવામાં આવી છે. અમદાવાદ ગ્રામીણમાં શાળામાં જતાં બાળકોની સંખ્યા ૬૪ હજાર છે તથા અન્ય સંસ્થાઓમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા ૬૬૦૦ કરતાં વધારે છે. આમ ૭૦ હજારથી વધારે બાળકોને રસીકરણ હેઠળ આવરી લેવામાં આવશે ગઈકાલથી શરૂ કરવામાં આવેલા રસીકરણમાં ૨૦ હજારથી વધુ બાળકોને રસીનો પ્રથમ ડોઝ અપાઇ ચૂક્યો છે. બાળકો અને તેમના પરિવાર તરફથી રસીકરણ માટે સપોર્ટ અને ઉત્સાહ વર્તાઇ રહ્યો છે જેના કારણે રસીકરણાના કામમાં ગતિ આવી છે.શરૂઆતમાં ચાર દિવસ સુધી શાળાએ જતા બાળકોને રસીકરણ થશે. ૭ તારીખે મહાઅભિયાનમાં શાળાએ ન જતા બાળકોનું રસીકરણ કરવામાં આવશે, ત્યારબાદ ૮ અને ૯ જાન્યુઆરીએ સાંજે કેમ્પનું આયોજનમાકોઈ બાળક રસીથી વંચિત રહી ગયું હશે એને ખાસ આવરી લેવામાં આવશે.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનીલભાઇ ધામેલિયાએ જણાવ્યું હતું કે ૩ થી ૭ જાન્યુઆરી સુધી જિલ્લાના તમામ ૧૫ થી ૧૮ ની વયજુથના બાળકોને રસીકરણ હેઠળ આવરી લેવાનો મહત્તમ પ્રયાસ છે.આ સાઅથે ડોર-ટુ-ડોર પણ સર્વે કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે જેમાં કોઇ બાળક રસીથી વંચિતન રહી જાય તેની વહિવટી તંત્ર દ્વારા ખાસ તકેદારી રાખવામાં આવનાર છે.

## ગાંધી નિર્વાણ દિન નિમિત્તે ગુજરાતમાં કતલખાના બંધ રખાવવા રાજ્યનાં મુખ્ય મંત્રીને એનીમલ હેલ્પલાઇનની રજૂઆત

મોહનદાસ કરમચંદ ગાંધી મહાત્મા તરીકે જાણીતા છે. તેમની અહિંસક ચળવળની ફિલસૂફીએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે શાંતિપૂર્ણ તબદીલી ઉપર ખૂબ ઊંડો પ્રભાવ પાડ્યો હતો. મોહનદાસ કરમચંદ ગાંધી વિશ્વ માનવ હતા, તેઓ મહાત્મા ગાંધી નામે વિશ્વભરમાં જાણીતા થયેલા અને ભારતના રાષ્ટ્રપિતા તરીકેનું માન પામ્યા છે. તેમણે બ્રિટીશ રાજ પાસેથી આઝાદી મેળવવાની ભારતની ચળવળને દુનિયાના નકશા પર મૂકી. તેમના આદર્શો ભારતમાં અને અન્ય દેશોમાં પણ શાંતિમય પરિવર્તનની ચળવળ માટે પ્રેરણાદાયક રહ્યા છે.

ગાંધીજી એટલે અહિંસાનાં પુજારી. તેઓ કાયમ અહિંસામાં જ માનતા હતા. તે કહેતા કે આ એક શબ્દ નથી. આખી સંહિતા છે. તે એક આચરણ છે. અહિંસા એ મનુષ્ય જાતિની પ્રબળ શક્તિ છે. માણસે સર્જેલા પ્રચંડ શસ્ત્રો કરતાં એ વધારે પ્રચંડ છે. અહિંસા એવી શક્તિ છે તેનો પ્રયોગ બાળક, યુવાન, સ્ત્રી, વૃદ્ધ સો સરખી રીતે કરી શકે છે. માત્ર તેમનામાં પ્રેમ સ્વરૂપ ઈશ્વર વિશે અવિચળ શ્રદ્ધા હોવી જોઈએ અને મનુષ્યમાત્રને માટે સમાન પ્રેમ હોવો જોઈએ.

અહિંસાનો જીવનધર્મ તરીકે સ્વીકાર કરવામાં આવે તો તે જીવનના પ્રત્યેક કાર્યમાં પ્રગટ થાય છે. અહિંસાનો સિદ્ધાંત દરેક પ્રકારના શોષણનો સંપૂર્ણ નિષેધ કરે છે માટે આગામી તા.૩૦/૦૧/૨૦૨૨, રવીવારનાં રોજ રાષ્ટ્રપિતા ગાંધીજી નિર્વાણ દિન નિમીતે સમગ્ર ગુજરાતમાં કતલખાના, ઈંડા, માસની લારીઓ, દુકાનો બંધ રખાવવા ગુજરાત સરકારનાં જીવદયા પ્રેમી મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલને કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ—એનીમલ હેલ્પલાઈન દ્વારા રજુઆત કરવામાં આવી છે. આ દિવસની પવિત્રતા ધ્યાનમાં લઈને જાહેર કતલખાના તેમજ જાહેર લારી તેમજ દુકાનોમાં વહેંચતા માંસ, ઈંડા અને મચ્છીનાં વેપાર સદંતર બંધ રાખવા સમસ્ત જનતા વતી ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડના મિતલ ખેતાણી, એનીમલ હેલ્પલાઈનનાં પ્રતીક સંઘાણી, રમેશભાઈ ઠકકર, ધીરૂભાઈ કાનાબાર, ઘનશ્યામભાઈ ઠકકર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ દ્વારા વિનંતી કરાઈ છે.

## ૫ થી ૧૮ વર્ષની ઉંમરના બાળકોને આજે સ્કૂલમાં રસીકરણનું આયોજન કરવામાં આવ્યું



ગાંધીનગર જિલ્લાની શ્રીસ્વામીનારાયણ ગુરુકુળમાં ૧૫ થી ૧૮ વર્ષના કિશોરોને કોરોના સામે સુરક્ષા કવચ પૂરું પાડવા રસીકરણનો પ્રારંભ કરાયો છે. શાળાઓના કિશોરોને રસી આપવાના આયોજનના પ્રથમ દિવસે આશરે ૨૦૦૦ કિશોરોને રસી અપાઇ. પ્રથમ દિવસે દરેક શાળામાં આશરે ૧૦૦ ડોઝ ફાળવાયા હતા.

રસી માટે ઉત્સાહ રસીકરણના પ્રથમ દિવસે બાળકોએ ઉત્સાહ સાથે રસી મુકાવી હતી. ગાંધીનગરની શ્રીસ્વામીનારાયણ ગુરુકુળમાં ધોરણ ૧૦ અને ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થિઓએ હસતા મોઢે રસી લઈ રસી લઇ અન્ય છાત્રોને સુરક્ષિત હોવાનો સંદેશો આપ્યો હતો. ગાંધીનગર શહેરના છાત્રાએ કોરોના રસી લીધા બાદ કહ્યું કે, વેક્સિન જ કોરોનાને હરાવવાનો એકમાત્ર ઉપાય છે, એટલે મારા વિદ્યાર્થીમિત્રો સાથે રસી લીધી છે. તો કોરોના વેક્સિન લીધાની યાદગીરી રહે તે માટે ગાંધીનગરના વિદ્યાર્થીઓએ વેક્સિન લેતાં સેલ્ફી લીધી હતી. .

## UGVCL, MGVCL, PGVCL,માં ભરતીકૌભાંડ..!! નું એપી સેન્ટર અરવલ્લી જીલ્લો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

આપના યુવા નેતા યુવરાજસિંહે વધુ એક સરકારી નોકરીમાં ચાલતા કૌભાંડનો આક્ષેપ સાથે પર્દાફાશ કર્યો છે છેલ્લા ત્રણ વર્ષમાં ઉર્જા વિભાગમાં થયેલ ભરતીમાં પ્રક્રિયામાં ૨૧ લાખ રૂપિયા ઉમેદવારો પાસેથી લેવામાં આવ્યા હોવાની સાથે ઉર્જા વિભાગના ભરતી કૌભાંડમાં અરવલ્લી જીલ્લો એપી સેન્ટર હોવાનો આક્ષેપ કરતા જીલ્લા પોલીસતંત્રએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે અને આપ નેતાએ કરેલ નામજોગ લોકોની અટકાયત કરવામાં આવી છે ઉર્જા વિભાગમાં વિવાદિત ભૂતકાળ ધરાવતા અરવિંદ પટેલ સહીત અનેક લોકોના નામ બહાર આવતા અરવલ્લી, સાબરકાંઠા જીલ્લામાં હડકંપ મચ્યો છે બાયડ તાલુકાના ચોઈલા ગામના અને બાયડમાં ટ્યુશન ક્લાસીસ ચલાવતા અજય પટેલનું નામ બહાર આવતા ભૂગર્ભ ઉતરી ગયો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાત આપના યુવાનેતા યુવરાજસિંહએ ઉજાગર કરેલ આક્ષોપિત ઉર્જા વિભાગ નોકરી કૌભાંડમાં અરવલ્લી જીલ્લો એપી સેન્ટર હોવાની સાથે અરવલ્લી જીલ્લાના અનેક લોકોના નામજોગ સંબોધન કરતા પોલીસતંત્રએ ત્રણ ટિમો બનાવી ભરતી કૌભાંડમાં સંડોવાયેલ લોકોની અટકાયત કરવાની શરૂ કરી દીધી છે જીલ્લા પોલીસતંત્રની ત્રણ ટીમોએ અત્યાર સુધી બે લોકોની અટકાયત કરી સઘન પૂછપરછ કરી રહી છે ધનસુરાની શાળામાં ફરજ બજાવતા અરવિંદ પટેલની અટકયાત કરી લેવામાં આવી છે જો કે અરવિંદ પટેલ નિર્દોષ હોવાનું અને આ અંગે કંઈપણ જાણતો ન હોવાનું મીડિયા સામે રટણ કર્યું હતું

### ઉર્જા વિભાગ ભરતી કૌભાંડ

## અરવલ્લી BJP યુવા મોરચાના મહામંત્રી ધનસુરાના અવધેશ પટેલનું નામ ખુલતા હડકંપ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

યુવાનેતા યુવરાજ સિંહએ ઊર્જા વિભાગની ભરતીમાં કૌભાંડ ચાલી રહ્યું હોવાના આક્ષેપ કરતા સનસનાટી મચી ગઈ છે યુવરાજ સિંહે પ્રેસ કોન્ફરન્સ કરીને UGVCL, DGVCL, GETCOની ભરતીમાં મોટાપાયે કૌભાંડ થયાનું અને ઉમેદવારો પાસે ૨૧ લાખ રૂપિયા જેટલી માતબર રકમ લેવામાં આવતી હોવાની સાથે છેલ્લા ત્રણ વર્ષથી સુનિયોજિત રીતે સમગ્ર કૌભાંડ ચાલી રહ્યું હોવાનું જણાવ્યું હતું આ કૌભાંડના વચોટિયા તરીકે ધનસુરાના અવધેશ પટેલનું નામ લેતા હડકંપ મચ્યો છે અવધેશ પટેલ અરવલ્લી જીલ્લા ભાજપ યુવા મોરચાનો મહામંત્રી તરીકે કાર્યરત હોવાનું બહાર આવતા જીલ્લામાં ભારે ખળભળાટ મચ્યો છે ભાજપના યુવા મોરચાના મહામંત્રી અવધેશ પટેલનું નામ બહાર આવતા ભૂગર્ભમાં ઉતરી ગયો છે મીડિયાએ સંપર્ક કરવાનો સતત પ્રયત્ન કર્યો હતો પ્રાંતિજ માંથી કૌભાંડમાં જાહેર થયેલ મિત પટેલની કાર પરીક્ષા કેન્દ્રની બહાર મળી આવી હતી પોલીસે મિત પટેલની અટકાયત કરી હોવાની માહિતી પ્રાપ્ત થઇ હતી



યુવરાજ સિંહના આક્ષેપ મુજબ અરવલ્લી જીલ્લાના એક જ ગામના ૧૮ યુવકોએ લાખ્ખો રૂપિયા ખર્ચી ઉર્જા વિભાગમાં નોકરી મેળવી લીધી છ.આ કૌભાંડ દ્વારા કોને કોને લાભ લીધો છે, તેઓનું નામ પણ તેમણે લીધુ છે. ધવલ પટેલ, કૃશાંગ પટેલ, હિતેશ પટેલ, રજનીશ પટેલ, પ્રિયંક પટેલ, આંચલ પટેલ, પ્રદિપ પટેલ, બાબુ પટેલ, જીગીશા પટેલ, ધ્રુવ પટેલ ભરતી કૌભાંડનો લાભ લીધો છે, તેમ યુવરાજસિંહે જણાવ્યું છે. એક જ ગામના ૧૮ યુવાનોએ કૌભાંડ કરી સરકારી નોકરી મેળવી છે. જ્યારે જેટકોની પરીક્ષામાં મિતુલ પટેલે ભરતી કૌભાંડનો લાભ લીધો છે.આક્ષેપ છે કે ઊર્જા વિભાગની ભરતીના કૌભાંડનું એપી સેન્ટર અરવલ્લી, બાયડ છે. સાબરકાંઠા, અરવલ્લી અને મહેસાણામાં કૌભાંડ થતું હોવાના યુવરાજ સિંહના આક્ષેપ છે. અહી એક જ ગામના ૧૮ વિદ્યાર્થીઓની કેવી રીતે ભરતી થઈ? એ ખુબ મોટો પ્રશ્ન ઉઠ્યો છે. યુવરાજ સિંહના આરોપ પ્રમાણે બાયડ ચોઈલા ગામના લોકો એમાં વધુ જોડાયેલા છે. પાટીદાર, ચૌધરી અને પ્રજાપતિ સમુદાયના લોકો વધુ જોડાયા હોવાનો આક્ષેપ લગાવવામાં આવ્યો છે. યુવરાજ સિંહના આક્ષેપ અનુસાર ભરતીમાં એક પેપર દીઠ ૨૧ લાખની ઉઘરાણી કરવામાં આવી. જેમાં એડવાન્સ પેટે ૧ લાખ રૂપિયા અપાયા છે. નામ સિલેક્શનમાં ન આવે ત્યાં સુધી પૂરી રકમ ન લેવાતા હોવાનો પણ આક્ષેપ છે. તો આ પરીક્ષા ૩ શિફ્ટમાં પરીક્ષા લેવાય છે. ૧ સેન્ટર પર કોમ્પ્યુટર વ્યવસ્થાને ધ્યાન રાખી કૌભાંડ થતું હોવાનું જાણવા મળ્યું છે. તો સેન્ટ્રલ રૂમમાંથી PC ઓપરેટ થતા હોય છે. કેટલાક વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાનું માત્ર નાટક કરે છે અને કૌભાંડ આચરવામાં આવે છે.

આમ આદમી પાર્ટી ના નેતા અને વિદ્યાર્થી નેતા યુવરાજ સિંહનો આરોપ છે કે સમગ્ર કૌભાંડમાં ઓનલાઈન પરીક્ષા લેનારી એજન્સીની પણ સંડોવણી છે. NSEIT નામની કંપનીના લોકો આ સમગ્ર કૌભાંડમાં સંડોવાયેલા છે.

## કાનજી ભુટા બારોટનાં જીવનમાં બનેલી ૧ સત્યઘટના

ધીમે ધીમે સૂરજ નારાયણ આથમણી દિશામાં પોઢી ગયા. વાળુપાણી કરી ટીંબલા ગામને ચોરે લોકોની ભીડ જામવા લાગી. સૌ કોઈ પોતપોતાનાં મિત્રો, સ્નેહીઓની આસપાસ ગોઠવાવા લાગ્યા. ત્યાં તો ડાયરો જેની રાહ જુએ છે એ કાનજીભાઈ હાથમાં જંતર લઈ પધાર્યા. પગ પર પગ ચડાવ્યો. જંતરની ચાવીઓ ચડાવી તારનો ઝીણેરો ઝણકાર કર્યો. ઝણકાર ચાલુ રહ્યો ને જાણે કોકની રાહ હોય એમ આડા – અવળી નજર કરતા જંતરની ચાવીઓ ઉતાર ચડાવ કર્યા કરી.

અને ત્યાં તો પાંચ હાથપુરી કદાવર આકૃતિ કળાણી. ભરાવદાર ચહેરા પર પૂળો એક મૂછો તેની ગરવાઈ દેખાડતી હતી. તમામ ડાયરાને રામ ૫ રામ ૫ કહી સૌની આગળ બેઠા. એ હતા ગામના ગામધણી જેઠસુર બાપુ. તે શિકાર કરવાનાં ભારે શોખીન. એમનું અચૂક નિશાન ઊડતા પંખી પાડે એવું.

જેઠસુર બાપુનું વ્યક્તિત્વ જ એવું કે સૌ કોઈ એમની મરજાદ પાળે. એમનું વેણ કોઈ ઉથાપી ના શકે. એ બોલે એ બ્રહ્મવાક્ય. પોતે પણ ગામ આખાની માવતર જેવી માવજત કરે, પરંતુ એમનું હૈયું ગામનાં બારોટ કાનજીભાઈ ઉપર વિશેષ રાજીપો ઠાલવે. એટલે તો રોજ રાત જામે ને ચોરે કાનજીભાઈની વાર્તાઓ જામે. કલાપારખું જેઠસુર બાપુ, ‘ ભલે બાપ ’, ‘ ખમા બાપ ’, ‘ જે હો ૫ ’ પડકાર કરે ને કાનજીભાઈનું જંતર ઝૂમી ઊઠે. વાતુમાં જમાવટ થાય.

‘‘ હો ઓ ૫ ’’ નો આલાપ કરી કાનજીભાઈએ વાર્તા માંડી : ‘‘

રજપૂતનાં લગ્ન થયાને ઘેર ખૂબ સ્વરૂપવાન રજપૂતાણી આવ્યા. ઘરમાં ખાવા – પીવા પૂરતી તો સગવડ પણ વધુ કમાવવાની આશા સાથે રજપૂત પરદેશ ગયા.

રજપૂતાણી ઘરમાં સાવ એકલા એટલે સમય વીતાવવા એક જંતર ( બીન ) તૈયાર કર્યું. ધીમે ધીમે બીન બજાવવામાં રજપૂતાણી ભારે પાવરધા થઈ ગયા. તેનાં બીન પર પતિનાં વીરહનાં સૂર છેડાયા કરતાં.

હવે થયું એવું કે બાજુનાં જંગલમાંથી એક મૃગ ( હરણ ) આ બીન સાંભળવા આવવા લાગ્યું. એ કસ્તુરી મૃગ હતું. બીન સાથે મૃગલાને ભારે હેત જાગ્યું. રોજ રજપૂતાણી બીન વગાડે ને મૃગલો સાંભળ્યા કરે. આવડા મોટાં ઘરમાં એકલી રજપૂતાણીને મૃગલાનો સથવારો મળ્યો. તેને મૃગલો માડી જાયો વીર લાગવા માંડ્યો. બીન સાંભળવા મૃગલો રોજ આવી અને કસ્તુરીનો ગોટો મૂકતો જાય.

આમને આમ બાર વરસ વીતી ગયા. બાર વરસની ભેગી થયેલી કસ્તુરી રજપૂતાણીએ વેંચી. અઢળક ધન મળ્યું. રજપૂતાણીએ જૂનું મકાન પડાવી નાખી નવું આલિશાન મકાન તૈયાર કરાવ્યું. ઘરમાં ચારેય કોર વૈભવ છલકાય. હવે રજપૂતાણી પરદેશ ગયેલા પતિની રાહ જોવા લાગી. મનમાં વિચારતી કે પતિ આવે ત્યારે એને બીન સંભળાવી રાજી કરવા છે.

રજપુત પણ સારુ એવુ ધન કમાઈને ગામ આવવા નિકળ્યા.

પણ ઘરે પાછા ફરેલા રજપૂત ઘરનો વૈભવ જોઈ વહેમવશ વિચારે ચડ્યાં. કહ્યુ છે ને કે વહેમનું કોઇ ઓસડ નથી.

સૂવાનો ડોળ કરી તે સૂઈ ગયાં. રજપૂતાણીએ ઘરની ઓસરીમાં બીન વગાડવાનું શરૂ કર્યું. રોજની જેમ પેલો મૃગલો આવી પહોંચ્યો. મૃગને કોઈ પુરુષ સમજી રજપૂતે તેને બાણથી વીંધી નાખ્યો. ’’

વચ્ચે વાર્તા અટકી.

કાનજીભાઈએ પાણીનો ઘૂંટડો પીધો. જેઠસુર બાપુ સામે સૂચક આંખ માંડી.

વળી વાર્તા આગળ વધી :

“ રજપૂતાણીનાં મોંમાંથી ચીસ નીકળી ગઈ. દોડીને મૃગનાં મસ્તકને ખોળામાં લઈ કહેવા લાગી : ‘‘ મારા વીર, ભાઈ તેં મારો બાર બાર વરસ સથવારો કર્યો. મારું જંતર સાંભળ્યું, તારી આ દશા કોણે કરી ? ’’

મૃગ હેતભરી નજરે બહેન સામે તાકી રહ્યું. મૃગનો અંતિમ સમય જાણે નજીક હતો. એનો આત્મા કહેવા લાગ્યો : ‘‘ બહેન, જ્યાં સુધી મારામાં પ્રાણ છે ત્યાં સુધી તારું બીન બજાવ, મારા આત્માને ટાઢક થાશે. ’’ દયામણા ચહેરા સાથે બહેનનાં ખોળામાં મૃગલાએ અંતિમ શ્વાસ લીધા. રજપૂતને ભારે પસ્તાવો થયો પણ જેમ છુટેલુ તીર અને બોલેલુ વેણ પરત ફરતુ નથી. એમ હવે ઘણુ મોડુ થઇ ગયુ હતુ.

તે દિવસથી રજપૂતાણી રોજ મૃગને યાદ કરતાં બીન વગાડે અને રજપૂતની આંખમાંથી ડળક – ડળક આંસુ ઝરે.

’’ વીંધાય , અણવીંધ્યા વનમાં ફરે, તું તારું બીન બજાવ, મારો જીવતા આતમ ઠરે ૫’’

કાનજીભાઈનાં ગળામાં વિરહનો વીરડો ફૂટ્યો. એક પછી એક દુહા લલકારતા જાય છે. મૃગ અને રજપૂતાણીનાં કરૂણ સંવાદને કાનજીભાઈએ એવી રીતે રજૂ કર્યા કે ત્યાં બેઠેલ સૌ કોઈનાં હૈયાં દ્રવી ઊઠ્યાં.

પણ એક હૈયું તો જાણે હીબકે ચડ્યું. એ હૈયું હતું જેઠસુર બાપુનું. મરણજોલા ખાતા મૃગનાં દયામણા ચહેરામાં પોતે કરેલા કેટલાય શિકારનાં મોં દેખાયા. કાળમીંઢ પથ્થર જેવું હૈયું જાણે મીણ થઈ ગયું. મનોમન કંઈક નક્કી કરી ઊભા થયા. કાનજીભાઈની પાસે જઈને ભેટી પડ્યાં.

“ ધન્ય બાપ, તમે તો મારી આંખ ઉઘાડી નાખી ભાઈ, મારા શોખને લીધે મેં કેટલાય અબોલ પશુ પક્ષીઓને વીંધ્યા છે, પણ કાનજીભાઈ, આજે તમે તો મારો આત્મા વીંધ્યો. ’’ જેઠસુર બાપુની આંખોમાંથી આંસુ છલકાયાં.

હથેળીમાં જળ લઈ પ્રતિજ્ઞા કરી : ‘‘ આજથી કોઈ મૂંગા જાનવરનો શિકાર નહીં કરું અને જો કરું તો મને સૂરજ નારાયણની આણ્ય. ’’

કલાકારનું કામ માત્ર મનોરંજન પીરસવું એ નથી. પણ લોકોનાં હૈયાં સુધી પહોંચી લોકશિક્ષણ આપવાનું પણ છે. ‘ રાજા હરિશચંદ્ર ’ નાટક જોઈ ગાંધીજીનાં હૃદય પર બહુ ઊંડી છાપ પડી. એ વાત આપણે સૌ જાણીએ છીએ. પણ લોકવાર્તાનાં માધ્યમથી કોઈનું હૃદય પરિવર્તન થયું હોય એવી વાત આપણા અમરેલી જિલ્લામાં બની છે. એ વાત જોડાયેલી છે. પ્રસિદ્ધ વાર્તાકાર શ્રી કાનજીભાઈ ભૂટાભાઈ બારોટ સાથે. )

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.